અકલંક ગ્રન્થમાળા પુષ્પ-૧૪૧

# આરામ શોભા

: રચયિતા :

વિદ્યાભ્યાસંગી મુનિશ્રી
પ્રશાન્ત રત્નવિજય મ. સા.

: સંપાદક :

પૂજ્ય મુનિશ્રી અકલંકવિજય મ. સા.

: પ્રકાશક :

વિજય એફ મોદી (થરાદવાળા)
અકલંક ગ્રન્થમાળા જૈન ઉપાશ્રય
મંગળ પારેખનો ખાંચો, શાહપુર,
અમદાવાદ.

# છપાયેલ પુસ્તકોની યાદી

૧ કલ્યાણક સ્તવન ટોડર
૨ ૨૭ ઋષભદેવ ચરિત્ર
૩ ૨૮ શાન્તિનાથ ચરિત્ર
૪ ૨૯ નેમિનાથ ચરિત્ર
૫ ૩૦ પાર્શ્વનાથ ચરિત્ર
૬ ૩૧ મહાવીર ચરિત્ર
૭ ૩૨ ૭૦ જૈન રામાયણ
૮ ૪૮ ૭૮ ૧૧૧ ચેઈયવયથુઈ.
સજ્ઝાયમાળા ભા. ૧, થી ૪
૯ શુકરાજાની કથા
૧૦ સમકિતના સડસઠ બોલની
સજ્ઝાય અર્થ સાથે
૧૧ અકલંકવિજયનું જીવન ચરિત્ર
૭૬ અકલંક આત્મકથા
૧૨ કુમારપાળ ચરિત્ર
૧૩ ભક્તામર અર્થ કથા સહિત
૧૪ ૧૮ ૫૦ ૭ કર્મગ્રંથસાર
૧૫ ૧૩૫ નળ દમયંતી ચરિત્ર
૧૬ પ્રકરણ ભાષ્યસાર
૧૭ જૈનકથાઓ ભા. ૧ થી ૩૧
૧૯ ૨૫ ૩૭ ૪૧ થી ૪૭ ૫૨
૬૪ ૬૫ ૬૬ ૭૯ ૮૦ ૮૮ ૮૯
૯૦ ૯૯ ૧૦૪ ૧૦૭ ૧૦૮
૧૧૩ ૧૨૩ ૧૨૭ થી ૧૩૦ ૧૪૪
૨૦ ૪૯ ૧૧૦ સજ્ઝાયમાળા
૨૧ ભોગોપભોગ વિરમણવ્રત
૨૨ કુવલય માળા કથા
૨૩ સામાયિક પ્રતિક્રમણ ને
અષ્ટકર્મ ઉપરની કથાઓ
૨૪ તિલકમંજરી
૨૬ વૈરાગ્યનું અમૃત સમરાદિત્ય
ચરિત્ર
૩૩ ભક્તિમુક્તિ પર્યૂષણપર્વમાળા
૩૪ ૫૪ ભૂર્ભુવઃ સ્વ૦ભા. ૧ ૨
૩૫ શાંબપ્રદ્યુમ્ન ચરિત્ર
૩૬ વીશસ્થાનકની કથાઓ
૩૮ મયણા શ્રીપાળ
૩૯ નેમિ વિવાહલો
૪૦ મહાબળ મલયાસુંદરી
૫૧ જૈન દર્શન ને શ્રાવકદિન કૃત્ય
૫૩ ચેઈયવયથુઈ સંગ્રહ
૫૫ જૈનકથાઓ અને સુબોધ
કથાઓ
૫૬ સુબોધ કથાઓ અને જૈન
દર્શન
૫૭ બૃહદ્સંગ્રહણી સાર્થ
૫૮ ૬૯ ૮૩ જૈન ધર્મ પ્રવેશક
ભા. ૧ ૨ ૩
૫૯ ૬૦ ઉપમિતિ ભવ પ્રપંચા
કથા ભા. ૧ ૨
૬૧ નૂતન સ્તવનાવલિ
૬૨ ઉપદેશ સીત્તરી
૬૩ સહસ્રકૂટ નામાવલી
૬૭ જૈન મહાભારત

અકલંક ગ્રંથમાળા પુષ્પ-૧૪૧

# આરામશોભા

રચયિતા-સંયોજક

વિદ્યાવ્યાસંગી મુનિશ્રી પ્રશાન્તરત્નવિજયજી મ.સા.

સંપાદક :

તપસ્વી મુનિશ્રી અકલંકવિજયજી મ.સા.


પ્રકાશક :

વિજયકુમાર એફ. મોદી (થરાદવાળા)

અકલંક ગ્રંથમાળા

જૈન ઉપાશ્રય, લુણસાવાડ, મોટી પોળ સામે,

અમદાવાદ.

પ્રાપ્તિસ્થાન :

ફોજાલાલ સી. મોદી

"હેપી હોમ" સેક્ટર-૧, મોડર્ન હાઈસ્કૂલ પાસે,

ગાંધીધામ-૩૭૦ ૨૦૧.

# આ રા મ શો ભા

**આ**જે સવારના શુભ પ્રભાતે આંખો ખોલી. ચારે બાજુનું વાતાવરણ ખુશનુમા હતું. પંખીઓ કલરવ કરી રહ્યાં હતાં. દૂર–સુદૂર નજર કરી સામે બગીચામાં કોયલ ટહુકા કરતી હતી. ગુલાબના પુષ્પો મલક–મલક મલકી રહ્યાં હતાં.

ત્યાં જ મનમાં વિચારોની હારમાળા ચાલુ થઇ. જીવનનાં વાતાવરણમાં સુ–સંસ્કારોરૂપી પંખીડા શું કલરવ ન કરી શકે ? જીવનનાં ઉપવનમાં સદ્દગુણોરૂપી કોયલ શું ન ટહુકી શકે ? જરૂર ટહુકી ઉઠે.

**રા**ગી જો બની જઇએ સુ–સંસ્કારો પ્રેરક સાહિત્યનાં, જીવનને ઉર્ધ્વગતિ તરફ દોરી જતા મહા–પુરુષોનાં પ્રેરક જીવન ચરિત્રોના તો શકય જ નહીં પરંતુ ચોક્કસ જીવનનાં નંદનવનમાં સંસ્કારોના પંખીડા કલરવ કરી ઉઠે. સદ્દગુણોની સો–સો કોયલો મન મુકીને ટહુકી ઉઠે.

**મ**મત્વ ભાવનાઓ જીવનમાંથી દૂર થવા લાગે. ભૌતિક વિલાસી વાતાવરણમાં વિષય–વાસનાઓના ઝેર દૂર થઈ જાય, જીવનમાંથી સંસ્કારોની સૌરભ રેલાવા લાગે.

અને એનાથી થયેલું જીવન ઘડતર આત્માને આધ્યાત્મીક જગતની ઉર્ધ્વ કેડીએ લઈ જવા અગ્રેસર બની જાય અને પછી તો......

શોભી ઉઠે જીવનનો બગીચો સંસ્કારોના કલરવ કરતા પંખીડાઓથી સદ્ગુણોનાં ખીલી ઉઠતા પુષ્પોથી. હા....તો ચાલો તૈયાર થઇ જઇએ જીવન બાગને મહેંકાવવા...આ એક આરામશોભાના ચરિત્રને ચિંતન-મનનપૂર્વક વાંચી પરોપકારલક્ષી ભાવનાઓ જીવનમાં અપનાવવા તત્પર બની જઈએ.

ભાવનાઓ તેમના જેવા મહાન બનવાની ભાવીએ. તેમનાં જીવનના મહેંકતા ઉપવનોમાંથી સુંદર ગુણ-પુષ્પો ચુંટી લઈએ.

પૂજ્ય વર્ધમાન તપોનિધિ મુનિશ્રી અકલંકવિજયજી મહારાજ સાહેબે આજદિન સુધી નિઃસ્વાર્થભાવે આપણી સમક્ષ આવા સુંદર પ્રેરક મહા-પુરુષોના જીવનચરિત્રો, બોધ-દાયક કથાઓ, સ્વાધ્યાયલક્ષી ઉત્તમ પુસ્તકો તેમજ અન્ય ઘણો જ સંસ્કાર-પ્રેરક સાહિત્યનો ખજાનો આપણી સમક્ષ ખુલ્લો મુકી દીધો છે.

આ ખજાનાને લુંટાય તેટલો લુંટીયે.

અંતમાં વિદ્યાવ્યાસંગી મુનિપ્રવરશ્રી પ્રશાન્તરત્નવિજય સંયોજીત ઉપર્યુક્ત ચરિત્ર આપણને ખૂબ ખૂબ પ્રેરણાઓ આપી જશે.

વિજય એફ. મોદી ( થરાદ )

શ્રી પ્રવચનાય નમ :

# અકલંક ગ્રંથમાળા તરફથી અરજી

**શ્રીમાન / મહોદયશ્રી,**

**અમારી યોજના નીચે મુજબ છે**

૧. જ્ઞાનખાતામાંથી ઓછામાં ઓછા પાંચ હજારની રકમ મોકલવાથી એક પુસ્તકની હજાર નકલ આપના સંઘ તરફથી છપાવવાનો લાભ મળશે અને જોઈતા પુસ્તકો ભેટ મળશે.

૨. ચતુર્વિધ સંઘમાંથી કોઈપણ વ્યક્તિ રૂ. (૨૦૦૧) આપી પેટ્રન બની શકશે. પેટ્રન થનારનો ફોટો તથા જીવન ઝરમર છપાતા કોઈપણ એક પુસ્તકમાં મુકાશે.

૩. રૂ. ૧૦૦૧ આજીવન સભ્યના છે. તેમને દર સાલ છપાતા પુસ્તકો ભેટ મળતા રહેશે, તેમજ હાજર પુસ્તકો ભેટ મળશે.

૪ રૂ. ૫૫૧ પાંચ વર્ષના સભ્યના છે. હાજર પુસ્તકો ભેટ મળશે.

૫. રૂ. ૨૫૧ બે વર્ષના સભ્યના છે. ,,

૬. રૂ. ૧૫૧ એક વર્ષના સભ્યના છે ,,

આ પુસ્તકો સાધુ સાધ્વીને તથા જ્ઞાનભંડારને ભેટ અપાય છે. શ્રાવક શ્રાવિકા માટે ઉપરની યોજના છે જે, એક પુસ્તક દીઠ પાંચ રૂપિયા ભેટ આપી શકે છે.

લિ. પ્રો. વિજય એફ. મોદી

**અકલંક ગ્રંથમાળા**

ઠે. લુણસાવાડ, જૈન ઉપાશ્રય,

મોટી પોળ સામે, અમદાવાદ—૧.

# આરામ શોભા

## પ્રકરણ ૧ લું

### માતૃવિયોગી બાલિકા

"बालस्स मायमरणं; भज्जामरणं च जुव्वणारंभे ।
थेरस्स पुत्तमरणं; तिन्निवि गुरुआइं दुक्खाइं" ॥१॥

"બાલ્યાવસ્થામાં વ્હાલી માતાનું મરણ, યૌવન અવસ્થાના આરંભમાં નવપરિણીત સ્ત્રીનું મરણ અને વૃદ્ધાવસ્થામાં પુત્રનું મરણ, એ ત્રણ ખરેખર મોટાં દુઃખો મનાય છે."

બાળકને પોતાની માતાના ઉત્સંગમાં જે નિર્દોષ આનંદ મળે છે, તે આનંદ અખૂટ સમૃદ્ધિસમેત રાજભુવનમાં કે સ્વર્ગના સુંદર પ્રદેશમાં પણ ભાગ્યેજ મળી શકે! અહા! જન્મદાયિની જનની! તારા અંતઃકરણરૂપ મહાસાગરમાં જે સ્નેહામૃત પ્રવાહિત થઇ રહ્યું છે, તેનો દિવ્ય પ્રભાવ બાળકના ઊંડા

અંતઃપ્રદેશમાં પ્રવિષ્ટ થઇ તેને અપૂર્વ આનંદના પ્રવાહમાં તરતો કરે છે. તારા હાર્દિક અને સ્નેહાંકિત ગુણોનું વર્ણન એક જીહ્વા કે સહસ્ત્ર રસનાથી પણ ન થઇ શકે.

આપણી કથા-વાર્ત્તાનાયિકાને પણ અત્યારે માતૃ-વિયોગના સ્મરણનું શલ્ય પ્રતિક્ષણે હૃદયમાં ખટકી રહ્યું છે.

એક જીર્ણ જરૂખાવાળા મનહર મકાનમાં એક નિર્દોષ અને શોકાર્ત્ત બાળા પોતાના અર્ધ પ્રફુલ્લિત લમણાપર હાથ રાખી વિકલ્પ-સરિતામાં ડોલાયમાન થતી અર્ધોન્મિલન નેત્રયુક્ત મસ્તકને કંઈક અવનત કરી તે મંદિરના એક શૂન્ય ભાગમાં બેઠેલી છે. સ્વગત-અરે ! પૂર્વજન્મમાં મેં કેવું પ્રબલ પાપ કર્યું હશે કે જેના ઉદયથી અત્યારે બાલ્યવયમાં માતૃવિયોગરૂપી દુઃખનું વાદળ તૂટી પડયું છે ! પૂર્વભવમાં મેં બચ્ચાંઓ સાથે માતાનો વિયોગ કરાવ્યો હશે જે પાપનો વિપાક અત્યારે ભોગવવું પડે છે. આવા વિવિધ ગંભીર વિચારમાં તે નિમગ્ન હતી તેવામાં એક પરિચિત પુરુષ તેની પાસે આવી ઉભો રહ્યો. તે પરિચિત પુરુષને જોઈ તે શોકાતુર બાળા એકદમ ઉભી થઇ ગઈ અને પોતાના બંને કરયુગલને લલાટ સાથે રાખી વિનયથી વંદન કર્યું.

પુરુષ બોલ્યો-'બાળા ! આજે તમારા મુખાર-વિંદપર શોકની છાયા કેમ દેખાય છે ?'

બાળા બોલી—શિરસાવંદ્ય ! દરેક પ્રાણી સ્વ-કર્માનુસાર સુખ દુઃખનો અનુભવ કરે છે. અત્યારે જે

કર્મનો વિપાક મને ઉદયમાં આવ્યો છે તે મારેજ ભોગવવો પડશે એટલું જ નહિ પણ તે ભોગવવા સાથે મારી માનસિક નિર્બળતાને લીધે નવાં કર્મો પણ ઉપાર્જન થઈ ભવિષ્યમાં દુઃખ પરંપરાની જાળ વધવાની ! દૈવની ગતિ વિચિત્ર છે.

પુરુષ સખેદ વદને બોલ્યો— નિર્દોષ બાળા ! તારાં શોકસંકીર્ણ વચનો શ્રવણ કરી મારૂં હૃદય બહુ વ્યાકુલ થતું જાય છે. હું વિદ્યમાન છતાં તારા પર એવું કયું સંકટ આવ્યું છે કે જે મારાથી દૂર ન થઇ શકે ! તમે એકાએક આવા શોકાતુર કેમ બની ગયાં છો, તેનું કારણ સત્વર કહો.

બાલિકા સાશ્રુવદને બોલી—પૂજ્ય ! તમારી હયાતીમાં હું સદા નિર્ભય છું પણ દૈવિક દુઃખ આવતાં સહુ કોઇ નિરૂપાય થાય છે. આ દૈવી દુઃખ સાંભળતાં પણ આપ તેનો પ્રતિકાર કરી શકવાના તો નથીજ. તો તેનું શ્રવણ કરી શા માટે વૃથા તમે પણ વ્યથિત થાઓ છો !

પુરુષે વધારે આતુરતા બતાવી કહ્યું—શાણી સુતા ! તને શું વધારે કહું ? બીજી આડી અવળી વ્યર્થ વાતથી મને કંઇ પ્રયોજન નથી. હું માત્ર તારી દુઃખી અવસ્થાનું કારણ સાંભળવા ઇચ્છું છું અને જો શક્ય હોય તો તે દુઃખથી તને મુક્ત કરવા અથવા તેમાં ભાગીદાર થવા ઇચ્છા છે.

બાલિકા ધૈર્ય ધરી બોલી—વત્સલ ! જળથી વિખુટી પડેલી માછલીની જેવી વિષમાવસ્થા થાય, તેવી જ માતૃ-હીન—માતૃવિયોગી બાળકોની દુઃખદ સ્થિતિ થઇ પડે છે. જ્યારે દુનિયાનો આવો સામાન્ય નિયમ છે, તો પછી મારા માટે પણ તે કાયદો શા માટે ન હોય ! આટલું બોલતાં તે બાળા ગદ્દગદિત થઇ ગઇ અને સ્નેહભાજન માતાનું સ્મરણ થવાથી હૃદય ભરાઇ આવ્યું તેથી આગળ બોલી શકી નહીં. ઘડીવાર હૃદયમાં જ રૂદન કરી પાછી બોલી :—**પ્રાતઃસ્મરણીય** ! એટલેથીજ મારા દુઃખનો અંત નથી. હજી આગળ વધીને કહું તો એક માતાના વિયોગનો તમાનલ હજી પ્રદીપ્તજ છે, એટલામાં ગૃહકાર ભાર-ગૃહવ્યવહારનો બોજો પણ મારે માથેજ આવી પડયો છે તેથી તે દુઃખાનલમાં ઘૃતહોમ જેવું થયું છે. આટલો વખત પ્રતિક્ષણે મનઃસંયમન કરી સહન કરી લીધું પણ હવે...... આમ બોલતાં બોલતાં તે બાળા મુક્ત કંઠે રૂદન કરવા લાગી. તે પુરુષ પોતાના ખોળામાં તેનું મસ્તક રાખી વત્સલતાથી તેને ધીરજ આપવા લાગ્યો.

પ્રિય વાચક ગણ ! અધીરાઇના ઊંડા ખાડામાં ઉત-રીશ નહીં. મંદિરના શૂન્ય પ્રદેશમાં જે શોકાતુર બાળા બેઠેલી આપણે વાંચી ગયા છીએ. તે [1]**વિદ્યુત્પ્રભા** આપણી કથાની નાયિકા હતી. તેની પાસે પરિચિત પુરુષ આવીને ઉભો રહ્યો તે **વિદ્યુત્પ્રભા**નો પિતા **અગ્નિશર્મા**

---

૧. ભવિષ્યમાં આરામશોભા નામને ધારણ કરનારી બાલિકા.

નામે બ્રાહ્મણ હતો. તે ક્ષેત્રના સર્વ દેશોમાં શ્રેષ્ઠતાને પામેલ કુશાવર્ત્ત નામે દેશના એક સુશોભિત પ્રદેશમાં આવેલા સ્થળાશ્રય નામના ગામમાં રહેતો હતો. યજુર્વેદ વિગેરે ચાર વેદમાં તેની અસ્ખલિત ગતિ હતી. યજ્ઞાદિ હોમ કાર્યોમાં તો તે પ્રખ્યાત જ હતો. વેદાંત, સાંખ્યાદિ દર્શન શાસ્ત્રોમાં તે પારંગત અને દુર્જેય હતો અને વ્યાકરણ શાસ્ત્ર તો તેને તદ્દન સાધારણ લાગતું હતું. અગ્નિશિખાની જેમ પરપુરુષોને અસ્પર્શ્ય અને શિલસદ્ગુણાદિ દીવ્ય અલંકારધારિણી જ્વલનશિખા નામની તેની પત્ની હતી. પરસ્પર પ્રેમભાવથી સંસારસુખાસ્વાદનો અનુભવ કરતાં મેઘમાલામાં જેમ વિદ્યુત્પ્રભા ઉત્પન્ન થાય, તેમ જ્વલનશિખાને વિદ્યુતપ્રભા નામે પુત્રી થઇ. પોતાની વ્હાલી પુત્રીનું પ્રભાતના ખીલેલા કમળ જેવું મુખ જોઈ મરાલિકાની માફક આનંદ પામતી હતી. રૂપ, લાવણ્ય, ચતુરાઇ, વિનય, વિવેક, મિષ્ટભાષણ, કાર્ય કુશળતા, સહનશીલતા. મા—બાપ સેવા, ધર્મ દૃઢતાદિ સદ્ગુણોનું ભવિષ્ય માટેનું આરોપણ કરી તે ઉત્સંગવર્ત્તી બાળામાં સ્નેહવશતાથી તે ગુણોને સાક્ષાત્ જોતી હતી. આવી રીતે સ્નેહસિંચનપૂર્વક લાલન-પાલન કરતાં વિદ્યુત્પ્રભામાં દુર્દૈવવશાત્ અચાનક તે સ્નેહસરિતારૂપ જનેતા ઉત્સંગમાં ઉછરતી તે નિર્દોષ બાળાનો ત્યાગ કરી સ્થૂલ દેહરૂપે અદૃશ્ય થઇ ગઇ.

વાચક સ્મરણમાં હશે? પૂર્વ પૃષ્ઠના વિભાગમાં તે શોકાતુર બેઠેલી છે અને તે શોકનું કારણ તેનો પિતા તેને પૂછે છે અને આખર તે કારણ જાણી દિલગીર થાય છે.

"પ્રિય પુત્રી! સ્વાભાવિક વાત્સલ્યભાવથી વિભૂષિત માત-પિતા પોતાના સંતાનનું દુઃખ જોઈ શકતા નથી. જેઓ પોતાના સંતાનને દુઃખી જોઇ નિષ્ઠુરતા નિયુક્ત હૃદયમાં ખેદ નથી પામતા, તેઓ માત્ર પોતાના સંતાનના અમુક પ્રકારના સ્વાર્થાંશ તરફ દૃષ્ટિ ફેંકનારા હોઈ શકે એમ કહેવું યથાર્થાંજ છે. તારી સખેદાવસ્થા જોઇ મારૂં દિલ અગ્નિજ્વાલાના સ્પર્શની જેમ દગ્ધ થાય છે. વ્હાલી સુતા! જોકે અત્યારે તારા પર દૈવી દુઃખનો બોજો સમારોપિત છે, છતાં તે દુઃખમાંથી જેટલે અંશે મારાથી બની શકે, તેટલે અંશે તારો બચાવ કરવો એ મારી પ્રથમ ફરજ છે. માટે મારા લાયક પ્રતિકાર જે તારા જોવામાં આવતો હોય તે સ્પષ્ટતાથી કહી બતાવ." અગ્નિશર્માએ પોતાની ફરજ અદા કરતા કહ્યું.

"પૂજ્ય પિતાશ્રી! આપ વ્યવહાર પ્રવૃત્તિમાં પ્રવૃત્ત હોવાથી મારી વિષમાવસ્થા જાણી શક્યા નથી અને મારા તરફથી પણ તે સંબંધમાં સ્પષ્ટાક્ષરથી આપની પાસે પ્રકાશ ન પાડેલ હોવાથી આપ અજ્ઞાત રહ્યા છો, તેને માટે તે દોષ મારે શિરજ છે. આટલો વખત જેમ બન્યો તેમ મેં મનોનિગ્રહ કર્યો પણ હવે તેનો કોઇ પણ પ્રતિકાર થાય તો જ મારી બાલ્યાવસ્થા કંઈક નિશ્ચિંત થાય, તે પ્રતિકાર આપને હાથે જ થવો શકય છે. શિરછત્ર! આપના ઉચ્ચકુળમાં મારા અહોભાગ્યને લીધે અવતરી પણ મારાં પૂર્વ કર્મોના વિષમ વિપાકથી માત્ર બાલ્યાવસ્થાના અલ્પ વિભાગ સિવાય માતૃવિયોગરૂપ સંતાપથી અને ગૃહકાર્યના

અસહ્ય બોજાથી નિશ્ચિંત બાલ્યવયમાં પણ અનેક પ્રકારની ચિંતારૂપ ચિતા પ્રબલ પ્રજ્વલિત થઈ મારા તન, મન અને આત્માને અહોનિશ ઉકાળ્યા કરે છે. નિરંતર પ્રાતઃકાળે વહેલાં ઉઠવું, પ્રતિદિન ઘરના આંગણાને વાળી લીંપવું, રસોઈ જાતે તૈયાર કરવી, ગાયો ચારવા જંગલમાં જવું, મધ્યાહ્ન કાળે ઘેર આવી આપને ભોજન કરાવવું, ગાયો દોહવી, ત્યારબાદ મારે ભોજન કરવું, સંધ્યા વખતે પણ તેટલી જ પ્રવૃત્તિ કરી તમો સુઇ રહ્યા પછી મારે સુઈ રહેવું—આવા પ્રકારની પ્રતિદિનની પ્રવૃત્તિને લીધે એક અર્ધઘડી પણ મને શાંતિ મળી શકતી નથી. આવા બોજામાં પણ જ્યારે પંપાળીને પાલન કરનારી વ્હાલી માતાનું સ્મરણ થાય છે, ત્યારે તો હું દિગ્મૂઢ જ બની જાઉં છું અને મારા નિર્ભાગી આત્માને નિંદતી અવ્યક્તાક્ષરે વિલાપ કરતી હું તે વખતે માત્ર અશ્રુધારાથી હૃદયનો ઉભરો કાંઇક ઓછો કરૂં છું માટે **પિતાજી!** હવે તો આપ કોઇ કુળવતી કન્યા સાથે પાણિગ્રહણ કરી ગૃહકાર્ય ભારથી મને મુક્ત કરો. આ પ્રમાણે વિદ્યુત્પ્રભાએ પોતાની શોકાવસ્થાનું કારણ વ્યક્ત શબ્દોમાં કહી સંભળાવ્યું.

પોતાની વ્હાલી, નિર્દોષ અને કોમળ પુત્રીની ગદ્‌ગદિત વાણી શ્રવણ કરીને અગ્નિશર્માનું હૃદય ભરાઈ આવ્યું. પોતાની લાડકડી બાલિકાની દુઃખીવસ્થા સાક્ષાત્ તેના જોવામાં આવી. તેવી વિષમસ્થિતિમાંથી તેને મુક્ત કરવા પોતે વિવાહિત થવું એ કારણ—પ્રતીકાર યોગ્ય

પણ નથી એમ તેને ખાત્રી થઈ. જો એ માર્ગ લેવામાં ન આવે તો પોતાની પ્રિય સુતાને દુઃખ મુક્ત કરવાનો એકે માર્ગ નથી. નીતિ શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—'गृहिणी गृहमुच्यते' સ્ત્રી વિના ગૃહસ્થાશ્રમમાં અનેક પ્રકારની વિટં-બનાઓ ભોગવવી પડે છે, પોતાની પ્રિય પુત્રીને નિશ્ચિંત કરવા ગૃહસ્થાશ્રમના બીજરૂપ કોઈ કુળવતી કન્યાનો સ્વીકાર કરવાના સંકલ્પ શ્રેણિ પર આરૂઢ થતો અગ્નિશર્મા ત્યાંથી અન્યત્ર ચાલ્યો ગયો.

---

## પ્રકરણ ૨ જું

### તિમિરમાં પ્રકાશ

લગભગ બપોરના બે વાગ્યાનો વખત હતો. શ્રમિત મુસાફરો વિશ્રાંત થઈ ઇષ્ટ પ્રદેશ તરફ જવાની તૈયારી કરતા હતા. સૂર્યના પ્રચંડ પરિતાપથી પર્યાકુલ થયેલા પક્ષીઓ ઘડીભર પર્ણાકુલ વૃક્ષોની શાખાઓ પર શીતળ થઈ વિવિધ દિગ્દેશોમાં ઉડી જતાં હતાં. સજલ સ્થાનમાં જળપાન કરી શીતલ છાંયડીમાં વિશ્રાંતિ લેતી ગાયો હવે પુનઃ ચારો લેવાની ઇચ્છાથી ઉઠવાની તૈયારીમાં હતી. જગન્નેત્ર દિનમણી પણ અસ્તાચલ પર આરામ લેવાના ઇરાદાથી પશ્ચિમ દિશા તરફ નમેલો હતો. વ્યાઘ્ર અને

ગારૂડી લોકો શસ્ત્ર સજ્જ કરી પોતાની દુરાશા પૂરણ કરવાને આમ તેમ ભટકી નિરપરાધી પ્રાણીઓના પ્રાણ લેવામાં પોતાની તૃપ્તિ માની નિશાચરની માફક છાની રીતે ફરતા હતા.

આ સમયે ગાયોને ચારવા ગયેલી વિદ્યુત્પ્રભા ગગનમણીના ઉત્કટ તેજથી આકુલ થઈ એક સજલ પ્રદેશમાં ગાયોને લઈ થોડી વિશ્રાંતિ લેવાના ઇરાદાથી એક નિબિડ છાયાવાળા વૃક્ષ નીચે આવી અને ત્યાં એક નાજુક પત્થર ઉપર પોતાનું મસ્તક રાખી પોતે શ્રમિત હોવાથી તરત જ નિંદ્રાદેવીનો તેના શરીરમાં સંચાર થયો. અર્ધ નિદ્રિત અને અર્ધ જાગ્રત અવસ્થામાં કંઇક વિચારદશામાં, કંઇક શૂન્ય અવસ્થામાં પડેલી છે. એટલામાં મહા ભયંકર શરીરવાળો, સંપૂર્ણ કૃષ્ણવર્ણથી વધારે ભયાનક લાગતો, રાતી ચણોઠી કરતાં પણ વધારે રક્ત નેત્રવાળો, જાણે કોઈથી ત્રાસ પામેલો હોય તેમ ત્વરિત ગતિવાળો એક નાગ–સર્પ તેની પાસે આવ્યો. બાલ્યવયરૂપ લતાગૃહમાં ઉછરતી હોવાથી દુનિયાના વ્યવહારથી અજ્ઞાત વિદ્યુત્પ્રભાને અર્ધનિદ્રામાંથી સાવધાન કરી માનુષી ભાષાથી તે કહેવા લાગ્યો :—

"હે બાળા ! આ મારૂં ભયંકર બાહ્ય સ્વરૂપ જોઇને કિંચિત્ માત્ર પણ ભય ન પામતાં સાવધાનતાથી મારૂં એક વચનં સાંભળ :— "હું આ વનમાં નાગરૂપે ઘણા કાળથી રહું છું. હમણા કોઇ મારા પૂર્વકૃત પાપકર્મના ઉદયથી કેટલાક ગારૂડી લોકો આ વનમાં આવીને મને

પકડવાનો ઉપાય કરવા લાગ્યા છે. તે વાતની મને ખબર પડવાથી હું ભયાકુલ થઇ નાશીને અહીં તારે શરણે આવ્યો છું. પાપકર્મને વિષે તત્પર એવા તે ગારૂડી લોકો મારી પાછળ પાછળ જ આવે છે. જો તેઓ મને પકડીને કરંડીયારૂપ બંદીખાનામાં નાખશે, તો હું બહુ સંકષ્ટ પામીશ. માટે હે બાળે! તે પ્રચંડ પાપિષ્ઠ પુરુષોથી મારૂં રક્ષણ કર! રક્ષણ કર! મારૂં જીવન બચાવવાથી તને પરોપકાર કરવાનું બહુ પુણ્ય પ્રાપ્ત થશે. સાંભળ શાસ્ત્રમાં પણ કહ્યું છે કે:—'નશ્વર સ્વભાવવાળા અને મળમૂત્રથી ભરપૂર હોવાને લીધે અતિ પવિત્ર એવા આ દેહથી જો કોઇનો ઉપકાર ન કરાય, તો પછી આ દેહનું ફળ શું? અર્થાત્ પરોપકાર કરવો એ જ આ દેહનું ફળ છે' [૧]'સુર્ય ચંદ્ર પોતાના પ્રકાશથી, મેઘ જળપ્રદાનથી, વૃક્ષો ફળફૂલથી અને શીતળ છાયાથી, મહાત્માઓ અપરિમિત અભયદાનથી અને શેષનાગ પોતાના મસ્તક પર પૃથ્વીમંડલને ધારણ કરવાથી દુનિયાનો ઉપકાર કરી રહ્યા છે.' પરોપકારના મહાત્મ્યથી તેઓ જગત્માં વિદ્વજ્જનો અને કવીશ્વરોના મુખથી પ્રશસ્ત શબ્દરચના અને કાવ્યબંધથી ગવાય છે. કહ્યું છે કે:—

'જે માણસ પોતાના સ્વાર્થ વિના બીજાને આશ્રય આપે છે, આપત્તિમાં પડેલાનો ઉદ્ધાર કરે છે, તેવા પુરુષોથી જ આ વસુધા સુશોભિત અને સમલંકૃત છે.' હે મહા ભાગ્યવતી! આવા આવા પરોપકારના ફળને સમજી ભયભીત

---

૧. નીતિશાસ્ત્ર.

એવા મને પોતાના ખોળામાં રાખી અને તારા વસ્ત્રથી મને આચ્છાદિત કરી ત્વરાથી મારૂં રક્ષણ કર." સર્પનાં આવા પ્રકારનાં વચન સાંભળી વિદ્યુત્પ્રભા પોતાના મનમાં વિચાર કરવા લાગી :- 'पूर्वं भवे कारि मया न पुण्यम्' 'પૂર્વભવમાં મેં કશું પુણ્ય કર્યું નથી,' એમ આ ભવના દુઃખાનુભવથી અનુમાન કરી શકાય છે. જો આ ભવમાં પણ યથાશક્તિ પુણ્યકર્મ નહિ કરૂં, તો આગામી ભવમાં મારી શી વલે થશે ?" આ પ્રમાણે વિચાર કરી નિર્ભય થઇ તે કૃષ્ણ સર્પને પોતાના ખોળામાં લઈ વસ્ત્રથી તેને અદૃશ્ય કરી દીધો, તેટલામાં તો તે સર્પની શોધમાં નીકળી પડેલા તે ગારૂડી લોકો ત્યાં આવી ચડયા અને કન્યાને તે સર્પની ખબર પૂછવા લાગ્યા. 'હે ધેનુપરિચારિકા ! તેં અહીંથી કોઈ શ્યામ સર્પને જતો દીઠો ? જો તારા જોવામાં આવ્યો હોય, તો સત્વર અમને કહી દે કે તે કઈ દિશા તરફ ગયો ? કારણ કે અમે તેને પકડવા કેટલાક વખતથી તેની શોધમાં ભમીએ છીએ." આ પ્રમાણે ગારૂડી લોકોનું વચન સાંભળીને તે વિપ્રસુતાએ કહ્યું :— 'હે ગારૂડિકો ! હું અહીં મારૂં મુખ વસ્ત્રથી ઢાંકીને સુતી છું, માટે તમે જે પૂછો છો તે હું કાંઈ જાણતી નથી." કન્યાનાં આવાં વચન સાંભળી ગારૂડી લોકો પરસ્પર કહેવા લાગ્યા :- "અરે કાળા નાગને જોઇ આ કન્યા અહીં ઉભી રહે ખરી ? જો તેણે તે ભયાનક નાગને જોયો હોય, તો તે ક્યારનીએ નાશી ગઈ હોય." આવી રીતે પરસ્પર વાત-

ચીત કરી હતોત્સાહવાળા તે ગારૂડીકો સર્પને જવાના માર્ગને જોતા જોતા ચારે દિશાઓમાં ચાલ્યા ગયા. ગારૂડી લોકોના ગયા પછી કન્યાએ વિચાર્યું કે 'હવે સર્પને કોઈ જાતનું ભય નથી' એમ ધારી સર્પને ઉદ્દેશી કહેવા લાગી ;—હે ભદ્ર ! હવે તારૂં ભય ચાલ્યું ગયું છે, માટે બ્હાર નીકલ. જે ગારૂડીક લોકો તરફથી તને ભીતિ હતી તે લોકો હવે દૃષ્ટિપથથી પણ દૂર થઈ ગયા છે.' આ પ્રમાણે વારંવાર કહેતાં જ્યારે કાંઇ જવાબ ન મળ્યો, ત્યારે તેણે પોતાના ખોળામાં ઢાંકેલ વસ્ત્રને દૂર કરી જોયું તો સર્પ જોવામાં ન આવ્યો. પોતાને હાથે પોતે જાતે પ્રચ્છન્ન રાખેલ સર્પને ન જોવાથી વિદ્યુત્પ્રભા બહુ જ વિસ્મય પામી. વિચારવા લાગી કે,—'અહો ! આ શું થયું ? શું ઈંદ્રજાલ કે સ્વપ્ન હતું ? કે કોઇ વનદેવતાએ વૈક્રિય સ્વરૂપ બતાવ્યું ? અથવા મને પોતાને જ ચિત્ત-વિભ્રમ થયો ?"

આ રીતે જેટલામાં તે સાશ્ચર્ય ચકિત થઇ વિચાર કરે છે, તેવામાં પૂર્વે કદી સાંભળવામાં નહીં આવેલ અને દીવ્ય એવી આકાશવાણી થઇ—હે ધર્મરસિક બાળા ! તારા ધૈર્યથી અને સત્ત્વવૃત્તિથી હું તારા પર અતિ પ્રસન્ન થયો છું, માટે મનોવાંછિત વરદાન માંગી 'अमोघं देवदर्शनं' એ વાક્યને સાર્થક કર.' આ પ્રમાણે ગગન ગર્જના શ્રવણ કરી સાનંદાશ્ચર્ય થઈ વિચાર કરે છે, તેટલામાં કોઈ એક દેવ સુપ્રસન્ન વદને ત્યાં પ્રગટ થયો. દીવ્ય શરીર અને દીવ્ય અલંકારોની અનુપમ કાંતિની શ્રેણિથી આકાશ

પ્રદેશને ઉજ્જવલ કરતા તે દેવને જોઇ નિર્મલ મનવાળી અને ગંભીર એવી તે વિદ્યુત્પ્રભાએ પોતાના મુગ્ધ સ્વભાવથી તે સુપ્રસન્નદેવને આ પ્રમાણે કહ્યું :—“ હે પ્રગટ પ્રભાવી સુરેશ્વર ! જો તમે મારા ઉપર પ્રસન્ન થયા હો તો તાપમાં ચરતી એવી આ મ્હારી ગાયોની તાપની પીડા ન થાય તેમ કરો.” આ પ્રકારનું તે મુગ્ધબાળાનું વચન સાંભળીને દેવ વિચાર કરવા લાગ્યો—‘ અરે આ કન્યાનું મુગ્ધપણું છે કે જે પ્રગટ થયેલા સાક્ષાત્ કલ્પવૃક્ષ પાસે કેવલ છાયાની જ યાચના કરે છે. મારા દીવ્યાનુભાવથી તેનો તે મનોરથ પરિપૂર્ણ થાઓ.” એમ કહી પોતાની દીવ્યશક્તિના પ્રભાવથી તે દેવે તે કન્યા ઉપર તત્કાળ એક નંદનવન જેવું એક મનોહર પુષ્પિત અને ફલિત વૃક્ષોથી વ્યાપ્ત અને સદા વસંતઋતુની જેમ ખીલતું ઉપવન તૈયાર કરી દીધું. આ પ્રમાણે તે બાળાનો મનોરથ સિદ્ધ કરી તેને કહેવા લાગ્યો—‘ હે પુત્રી ! તું જ્યાં જ્યાં જઈશ, ત્યાં ત્યાં સર્વ ઋતુના ફળફૂલવાળું આ સુંદર ઉપવન તારી સાથે આવશે. આ ઉપવનમાં ફૂલ અને ફળ મનને પ્રિય લાગે તેવાં અને અમૃતથી પણ અધિક સ્વાદિષ્ટ છે. એટલું જ નહિ પણ આ વનનાં બધાંએ વૃક્ષો સુરદ્રુમની જેમ મનોવાંછિત વસ્તુને આપનારાં છે, એમ તું નિશ્ચયથી માનજે. હે બાલિકા ! મેરૂ પર્વત ઉપર રહેલા નંદનવનમાં જેમ દેવાંગનાઓ વિવિધ ક્રીડાઓ કરે છે, તેવી રીતે તું પણ આ નંદનવન જેવા ઉપવનમાં યથેષ્ટ ક્રીડા કરી આનંદ પામ

અને જો કાંઈ કષ્ટ આવી પડે તો સત્વર મારૂં સ્મરણ કરજે.” એમ કહી તે દેવ અદૃશ્ય થઇ ગયો.

ત્યારપછી સુધાકરના જેવા પ્રસન્નમુખવાળી વિદ્યુત્પ્રભાએ તે દીવ્ય ઉપવનના મધુર ફળોનું ભક્ષણ કરી અતિશય આનંદ પામી અને મનમાં વિચાર કરવા લાગી કે—‘અહો ! થોડો ઉપકાર કરવાથી પણ મને કેવું અદ્ભુત ફળ પ્રાપ્ત થયું, તો જેઓ નિરંતર સર્વથા ઉપકાર કરનારા હશે તેઓ કેટલા ભાગ્યશાળી હશે ? જેઓ પરોપકારરૂપ સાચા અને દિવ્ય હારથી દેદિપ્યમાન છે, તેમની શોભાનું યથાર્થ વર્ણન કરવાને અસક્ત એવા બૃહસ્પતિને સ્વર્ગલોકમાં ભાગી જવું પડયું. જેઓ પરોપકારમાં સ્વાર્થ સમજે છે, તેવા તો–‘जनयति जननी सुतं विरलं’ અર્થાત્ તારાગણમાં ચંદ્રમાની માફક જ સમજી લેવું.’ આવા પ્રકારના વિવિધ વિચારોની સંકલનામાં ગુંથાયેલી અને પરોપકારના મહા ગુણનો મહિમા ગાતી ગાતી તે બાળા સંધ્યા સમયે ગાયોને લઇ તે દિવ્ય ઉપવન સહિત પોતાને ઘેર આવી. સાશ્ચર્ય મનવાળી અને સ્મિતમુખી એવી તેને જોઇને માતાએ કહ્યું—‘હે પુત્રી ! ભોજન કરી લે. કારણ કે તું ક્ષુધાકુલ થતી હોઈશ.’ આ પ્રમાણેનું માતાનું વચન સાંભળી પુત્રીએ કહ્યું—‘માતુશ્રી ! મારે શરીરે આજ સ્હેજ સારૂં ન હોવાથી ભોજન કરવાની ઇચ્છા નથી.’

અહીં વાચક વર્ગને આશંકા થશે કે વિદ્યુત્પ્રભા માતા વગરની છે છતાં તેની સાથે માતા તરીકેનો વ્યવહાર રાખનાર તેના ઘરમાં કોણ છે ! પ્રિય વાચક ! પ્રથમ પ્રકરણમાં અગ્નિશર્માએ શોકનો પ્રતીકાર પૂછતાં વિદ્યુત્પ્રભાએ કુળવતી કન્યા સાથે વિવાહિત થવાથી પોતાના શોકને દૂર કરવાનો ઉપાય બતાવ્યો છે. પોતાની પ્રિય પુત્રીને દુઃખ મુક્ત કરવા તથા પોતાને નડતી ગૃહવ્યવહાર અડચણોને દૂર કરવા અગ્નિશર્માએ એક કુળવતી કન્યા સાથે પાણિગ્રહણ કર્યું. પૂર્વ કર્મના પ્રબલપરિપાકને લીધે વિદ્યુત્પ્રભા ગૃહકાર્ય ભારથી તો પણ મુક્તાવસ્થા ન પામી. તે ઓરમાન માતા આળસુ હોવાથી કોઇ કોઇ વારતો તેની ઉપાધિ પણ વિદ્યુત્પ્રભાને ઉપાડવી પડતી. આવી રીતે કાર્ય—ભારની ચિંતા માથે હોવા છતાં દેવ—વરદાન પામ્યા પછી તે સદા આનંદ અનુભવતી હતી, પ્રતિદિન ગાયોને ચારવા સાથે ગૃહકાર્ય કરતી વિદ્યુત્પ્રભા તે દેવપ્રદત્ત ઉપવનમાં અપ્સરાની માફક વિવિધ ક્રીડાઓ કરતી પોતાની તરૂણાવસ્થાનો વખત આનંદમાં વ્યતીત કરવા લાગી.

"यद्‌भाविन तद्‌भावि भाविचेन्न तदन्यथा"

'सुखं दुःखं च संसारे छायारूपेण दृश्यताम्'

# પ્રકરણ ૩ જું

## ‘गृहिणी गृहभूषणम्’

## ગૃહિણીપદે વિદ્યુત્પ્રભા

‘त्रिवर्गसंसाधनमंतरेण, पशोरिवायुर्विफलं नरस्य.’

પ્રાચીન આર્ય મહર્ષિઓએ ઉભયલોકના સાધન રૂપ ધર્મ, અર્થ અને કામ, એ ત્રિવર્ગની એવી ઉપયોગી સાંકલના કરી છે કે, જો તે મર્યાદાનું યથાર્થ અથવા અમુક અંશે પરિપાલન કરવામાં આવે તો મનુષ્ય પોતાના અમૂલ્ય જીવનને સાર્થક કરી શકે એટલું જ નહિ પણ તે ઉત્તરોત્તર ઉન્નતિના શિખર તરફ ગમન કરતો જાય છે એમ પણ નિઃસંશય કહી શકાય. ગૃહસ્થધર્મનો આધાર અર્થ ઉપર છે અને અર્થ તથા કામ એ બંનેનો આધાર ધર્મ પર છે. એટલા માટે કહેવામાં આવ્યું છે કે ‘ધર્મને અવસરે અર્થ કે કામને સાધનાર પુરૂષ નીતિ મર્યાદાનો લોપ કરે છે તેથી તે ઇષ્ટસાધ્ય સિદ્ધ કરી શકતો નથી. નીતિમાર્ગમાં પણ ધર્મસાધન કરવાને પૂર્વ ધર્મપ્રવર્ત્તકોએ ત્રિવર્ગના જુદા જુદા અધિકાર બતાવ્યા છે, તેના હેતુઓ જો લક્ષ્યમાં

રાખી સેવવામાં આવે, તો ગૃહસ્થ માણુસ પણ બહુ જ સાધી શકે છે. સ્ત્રીવર્ગે કે પુરુષવર્ગે વિવાહિત થઇ સમર્યાદ કામ વર્ગનો ન્યુનાધિક અંશે અધિકાર બજાવવો એમ કુદરત તરફથી જ દરેકને પ્રેરણા થાય છે. લક્ષ કે ક્રોટી સંખ્યામાંથી એક એવી વ્યક્તિ નીકળશે કે જેને પૂર્વના આત્મવીર્યબળના સંસ્કારો પ્રજ્વલિત હોવાથી વિષયવાસના નહિ જ હોય, તે સિવાય દરેક વ્યક્તિને આ કુદરતનો કાયદો થોડે કે ઘણે અંશે પાળવો પડે છે.

પ્રાતઃકાલનો સમય હતો. બાલ સૂર્યે પોતાના સુવર્ણમય કિરણોને પૃથ્વીની સર્વ દિશા પ્રદેશોમાં પ્રસરાવી દીધા હતા. પક્ષીઓ કલરવ કરી વૃક્ષશાખાનો ત્યાગ કરી અન્ય સ્થળે ઉડી જતા હતા. ઉદ્યોગીજનો પોતાની પ્રવૃત્તિનો આરંભ કરતા હતા. ભાવિક શ્રાવકો ભગવાનની પૂજા કરવા સ્નાનાદિ ક્રિયાનો સમારંભ કરતા હતા. મંદિરોમાં થતો ઘંટાનાદ જાણે ભવ્યજીવોને ભગવદ્ભક્તિ કરવા બોલાવતો હોય એવી કલ્પના સહજ થઇ શકતી. ગૃહકાર્યમાં પ્રવૃત્ત થયેલી મહિલાઓ, માથે બેડલાં લઈ જળાશયને રસ્તે ગમનાગમન કરતી હતી.

આવા પ્રકારની પ્રવૃત્તિવાળા સમયમાં આપણી કથાની નાયિકા પોતાની પ્રિય ગાયોને ચારવાને ગામથી થોડે દૂર જંગલમાં ગયેલી છે. દૈવી પ્રસાદથી તે નિરંતર નિશ્ચિંતપણે ગાયોને ત્યાં છૂટી મૂકી દઇ પોતે કોઈ વખત સુઈ રહેતી

અને કોઈ વખતે અન્ય ક્રીડા કરી આનંદ પામતી હતી. આ સમયે વિદ્યુત્પ્રભા પોતાની ગાયોને જંગલમાં મૂકી પોતે એક સારા વૃક્ષની નીચે નિશ્ચિંત થઈ સુતેલી છે. અને ગાયો તેનાથી થોડે દૂર ઘાસ ચરી રહી છે, એટલામાં પોતાની ચતુરંગિણી સેના સહિત દિગ્યાત્રા કરવા નીકળેલો પાટલીપુત્ર નગરનો જિતશત્રુ રાજા ત્યાં આવી પહોંચ્યો. નિરંતર નિરાલંબ આકાશમાં ચાલવાથી ખિન્ન થયેલા, જાણે સૂર્યમંડળમાંથી ઉતરી આવ્યા હોય એવા તે રાજાના વિવિધ અશ્વો પોતાના ખોંખારવથી આકાશના પ્રદેશને પણ પૂરી દેતા હતા. ઐરાવણ હાથીની સાથે પણ સ્પર્ધા કરતા, મેઘની પેઠે ગર્જના કરી મદજળ ઝરતા અને પર્વતના જેવા મોટા શરીરવાળા મદગજો તે સૈન્યને વિભૂષિત કરતા હતા. શૌર્યતેજથી ચળકતા વિવિધ શસ્ત્રધારી યોદ્ધાઓ હથીયાર સાથે હારબંધ ચાલતા જોવામાં આવતા હતા. ઘૂઘરીઓના ઘમકાર શબ્દો કરતા રથો સૈન્યશોભામાં ઓર વધારો કરી જાણે મંગલરવ બોલતા હોય તેવા દેખાતા હતા. મંત્રીઓના મંડળમાં ચંદ્ર જેવો તે ભૂપતિ શોભતો હતો. નંદનવન સમાન એવા તે વૃક્ષ, લતાઓ, ફળ અને ફૂલ વિગેરે સમૃદ્ધિયુક્ત એવા તે ઉપવનને જોઈ રાજાએ ત્યાં જ પડાવ કરવાની સહુને આજ્ઞા કરી. તરત જ એક સુશોભિત આમ્રવૃક્ષ નીચે સેવક લોકોએ સુંદર સિંહાસન ગોઠવી દીધું. તે સિંહાસન પર ઉપવિષ્ટ થઇ રાજાએ પોતાના સેવકોને આજ્ઞા કરી કે—'હે અનુચરો ! આપણા

સૈન્યમાંના હાથી, ઘોડાઓ અને બળદો વિગેરે આ મનોહર દેખાતા વૃક્ષોની શાખા સાથે બાંધી દો તથા હે શૂરવીર સુભટો ! તમે તમારા હથીયારો અંગપરથી ઉતારી આ સુંદર તરૂવરોની લટકતી ડાળીઓમાં લટકાવી ભારમુક્ત થાઓ.' આ પ્રમાણેની તે મહિપતિની આજ્ઞા થતાં સહુ સેવકો તથા સુભટો પોતપોતાના કાર્યમાં પ્રવૃત્ત થઈ અલ્પ સમયમાં તે કાર્ય કરી દીધું, ત્યારપછી સહુ કોઈ સ્નાનાદિ તથા ભોજનાદિ કાર્યોમાં પ્રવૃત્ત થઇ ગયા. આ બાજુ હાથીઓ અને અશ્વોના ગર્જારવથી ભયભીત થઈ નિશ્ચિત થઇ ચરતી તે ગાયો દૂર નાસી ગઈ. ગગનને પણ ગજાવી નાખે એવા તે ગર્જારવથી વિદ્યુત્પ્રભાએ જાગ્રત થઇ જોયું તો પોતાની ગાયો ભયાકુલ થઇ બહુ દૂર પલાયન કરી ગઈ છે. તરત જ ત્યાંથી ઉઠી પોતાની ગાયોને પાછી વાળવા માટે તે દોડવા લાગી; તેટલામાં તે દિવ્ય ઉપવન, વૃક્ષ શાખાઓમાં બાંધેલા હસ્તી—ઘોડાઓ વિગેરે પશુ પણ તેની સાથે દોડવા લાગ્યા. કારણ કે દેવવરદાનથી તે ઉપવન વિદ્યુત્પ્રભાની સાથે સાથે જ રહેવાનું હતું.

આ પ્રમાણે આશ્ચર્યચકિત થઈ તે જિતશત્રુ રાજા મનમાં ને મનમાં વિચાર કરવા લાગ્યો :

“ અહા ! પૂર્વે કયારે પણ જોવામાં કે સાંભળવામાં ન આવેલ એવી આ આશ્ચર્ય ઘટના છે. કારણ કે હાથી ઘોડા વિગેરે પશુઓ સહિત આ વન દોડે છે. નિશ્ચય આ દૈવી ક્રિયા હોવી જોઇએ. આ મનુષ્યકૃત કાર્ય તો

સર્વથા અસંભવિત જ છે." આ પ્રમાણે વિચાર કરી આશ્ચર્યના કારણથી અજ્ઞાત એવા તે રાજાએ તેમ થવામાં અંતર્હેતુ શોધવાને પ્રધાનને આજ્ઞા આપી. શોધ કરતાં ઉપવનસહિત દોડતી તે કન્યા તેના જોવામાં આવી. બુદ્ધિનિધાન પ્રધાન તે જોઇ વિચાર કરવા લાગ્યો. 'અહો ! આ કન્યાનો કેવો અપૂર્વ મહિમાં છે ? નિશ્ચે પૂર્વકૃત પ્રબલ પુન્યના પ્રભાવથી આ કોઇ દેવની પ્રસાદી છે.' પછી મંત્રી તે કન્યાની પાસે જઇ કહેવા લાગ્યો :–"હે શશિવદના બાલે ! તારી નાસી ગયેલી ગાયોને હું હમણાં જ પાછી લાવી આપું છું માટે તું પાછી વળ. તારા દોડવાથી આ આખું વન દોડે છે, જેથી અમારા રાજા વિગેરે સર્વે માણસો ભયભ્રાંત થાય છે. તું પાછી વળવાથી આ વન સાથે હાથી ઘોડા વિગેરે બધું પાછું વળશે અને ગભરાટમાં આવેલા અમારા સર્વે માણસો શાંત થશે." તે મંત્રીશ્વરનાં આ પ્રકારનાં વચનોથી માણસો પરની દયાની લાગણીથી જેટલામાં પાછી વળી તેટલામાં તે ઉદ્યાન પણ તે કન્યાની સાથે પાછું વળી પોતાને સ્થાને આવ્યું. રાજાના આદેશથી સિપાઇઓએ ગાયોને ત્યાં આણી અને જેમ હતું તેમ પાછું શાંત થઈ ગયું.

ત્યારપછી મંત્રીએ રાજા પાસે આવીને કહ્યું :—"રાજન્ આપે જે અપૂર્વ આશ્ચર્ય જોયું, તે સર્વ આ કન્યાનું મહાત્મ્ય છે." રાજા પણ અતિ લાવણ્યયુક્ત ઉત્તમ સ્વરૂપવતી અને સુવર્ણના જેવા શરીરની કાંતિવાળી તે મુગ્ધ

બાળાને જોઇ મનમાં બહુ આશ્ચર્ય પામી વિચાર કરવા લાગ્યો–'આ કન્યા સ્વર્ગથી ઉતરેલી શું વૈમાનિક દેવી હશે? અથવા પાતાલમાંથી પ્રગટ થયેલ નાગકન્યા હશે? કે કોઇ વિદ્યાધરથી વિખુટી પડેલી વિદ્યાધર કુમારી હશે?" આ પ્રમાણે કેટલોક વખત વિચાર કર્યા પછી કેટલાક લક્ષણો પરથી તે રાજાએ જાણી લીધું કે, તે કોઇ માનુષી કન્યા છે પણ કોઇ દેવી, અપ્સરા, નાગકન્યા કે વિદ્યાધરપુત્રી નથી." ત્યારપછી તે રાજાએ તેના કેટલાક શારીરિક લક્ષણો ઉપરથી જાણી લીધું કે, તે કન્યા હજુ વિવાહિત થઇ નથી. આ પ્રમાણે વિચાર કરી તે જિતશત્રુ રાજા વિદ્યુત્પ્રભા પર નિષ્કપટભાવથી બહુ અનુરાગ ધરવા લાગ્યો. રાજાના મનોગત ભાવને અનુમાનથી જાણી પ્રધાને તે કન્યાને કહ્યું :–'હે ભદ્રે! તું આ જિતશત્રુ રાજાને પોતાના પતિરૂપે અંગીકાર કરી ત્હારા મનુષ્ય જન્મને સફલ કરીશ?" આ પ્રમાણે પ્રધાનનું વાક્ય શ્રવણ કરી કન્યાએ લજ્જાથી પોતાનું મુખ નીચું કરીને કહ્યું :–"હે મંત્રીશ્વર! તમોએ કહ્યું તે યોગ્ય છે, પરંતુ વિવાહની અનુમોદના પોતાના મુખથી કરવી તે કુળવતી કન્યાને યોગ્ય નથી. જો તમે આ કાર્ય કરવા ઇચ્છતા હો, તો આ પાસે રહેલા ગામમાં અગ્નિશર્મા નામે બ્રાહ્મણ છે તે મારા પિતા થાય છે, તેની પાસે જઇને આ તમારૂં કાર્ય નિવેદન કરો." આ પ્રકારે કન્યાનું વચન સાંભળતાં રાજાની આજ્ઞાથી પ્રધાને ગામમાં જઇ અગ્નિશર્મા બ્રાહ્મણ પાસે જઇ તેની પુત્રીનું જિતશત્રુ રાજાને માટે માગું કર્યું. પ્રધાનના મુખથી ખુશકારક ખબર

શ્રવણ કરીને અગ્નિશર્માએ પ્રસન્નતાથી જણાવ્યું:-"હે સચિવ શિરોમણિ! જે પોતાની સમગ્ર પ્રજાનું પુત્રવત્ પાલન કરે છે, તેવા ભલા ભૂપાલ માટે પ્રાણ અર્પણ કરી દેવા પણ યોગ્ય છે, તો પછી કન્યાદિ વસ્તુ માટે તો શું કહેવું? મંત્રીશ્વર! એવું અમારા કુળનું અહોભાગ્ય ક્યાંથી? કે દેશાધિપતિ રાજા સાથે પુત્રીનું પાણીગ્રહણ થાય? એમ કહી પોતાની પુત્રીને પાસે બોલાવી તેની સંમતિ લઇ પ્રધાન સાથે પોતાની પુત્રી સહિત અગ્નિશર્મા વનમાં રાજાની પાસે આવ્યો. રાજાને પોતાના બ્રાહ્મણ ધર્મને અનુસરી આશીર્વાદ આપી, યથોચિત આસનપર બેઠો. પછી બ્રાહ્મણે પોતાની કન્યાના સંબંધમાં જે જે કહ્યું હતું, તે પ્રધાને રાજાને કહી સંભળાવ્યું. રાજા પ્રધાનનો સંતોષકારક પ્રત્યુત્તર શ્રવણ કરી બહુ આનંદ પામ્યો. પછી કાળ વિલંબને નહિ સહન કરતા તે જિતશત્રુ રાજાએ તત્કાળ તે બ્રાહ્મણની સમક્ષ તે કન્યાનું ગાંધર્વ વિધિથી પાણીગ્રહણ કર્યું. પોતાના રાજાની ઈષ્ટસિદ્ધિ જોઇ સંહુ લોકો ખુશી થયા, અને વાજીંત્ર અને જયધ્વનિના નાદથી દિશાઓ પણ પૂરી દીધી, કન્યાના ઉપર નંદનવનના સરખું ઉપવન શોભતું હતું, તેથી રાજાએ તેનું અન્વિતાર્થ "આરામશોભા" એવું નામ પાડયું, વળી રાજાએ વિચાર્યું કે, આ બ્રાહ્મણની સાથે મારો સસરા તરીકેનો સંબંધ ચાલુ થયો, માટે કયારે પણ તે દુઃખી ન થવો જોઇએ. એમ વિચારી રાજાએ તત્કાળ પોતાના રાજ્યમાંથી તેને બાર ગામ આપ્યાં, અને તેને સદાને માટે નિશ્ચિંત કર્યો.

પોતાની વ્હાલી પુત્રીને વિદાય કરતાં અને નૃપવરના શરણુમાં સોંપતાં બ્રાહ્મણુના હૃદયમાં હર્ષ અને શોક સમકાલે ઉભરાઇ આવ્યા, અને હર્ષ શોકનાં સાથે જ આંસુ વહેવા લાગ્યાં. પોતાની પ્રિય પુત્રી કે જે હવે થોડીક જ વારમાં પોતાની સ્નેહનજરથી દૂર થવાની છે, તેને ઉદ્દેશીને પોતાના દિલનો હર્ષ શોકનો ઉભરો ખાલી કરવા લાગ્યો: "વ્હાલી સુતા! એક દેશાધિપની સાથે તારી વિદાયગિરી જોઇ મારા દિલમાં હર્ષનો પ્રવાહ વર્ષાઋતુની નદીના પૂરની જેમ છલકી રહ્યો છે, તેમજ હવે પછી તારો વિયોગ થવાનો છે, અને ભાગ્યે જ કોઇ વખતે તારૂં મુખ જોઇ શકીશ. આવા શોકમિશ્ર વિચારોથી મનને ખેદ થાય છે. વ્હાલી! બાલ્યાવસ્થામાં તારી કોઈપણુ પ્રકારની મનમાનતી બરદાસ હું કરી શકયો નથી. બાલ્યવયમાં પણુ તારા પર ગૃહકાર્યનો બોજો નાંખી તારા નિર્દોષ આનંદને છીનવી લીધો. માતૃવિયોગિની તારી કોઇ વખત ભાગ્યે જ સંભાળ લીધી હશે! પ્રિયપુત્રી! આ બધા તારા નિષ્ઠુર પિતાના અપરાધ માફ કરી કોઇ વાર સ્નેહભાવથી યાદ કરજે. અરે! તું આવા ઉત્તમ કુળમાં અવતરી છતાં પણુ તારા જેવી નમ્ર અને શાણી સુતાને ઘડીભર સ્રીધર્મ કે હિતશિખામણુ આપવા હું ભાગ્યશાળી ન થયો! 'મા તેવી દીકરી' આ કહેવતને અનુસરીને તેં પોતે જ તારી માતાના સ્તનપાનથી માંડીને અત્યાર સુધીમાં જે સુજ્ઞતા અને સદ્ગુણો મેળવ્યા છે, એ પણુ તારી સ્નેહમૂર્તિ માતાનો જ પ્રતાપ માનું છું. શાણી! 'પુત્રી એ પારકું ધન છે' એમ

મારા જાણવામાં છે છતાં અત્યારે તારી સૌમ્ય અને નિર્દોષ મૂર્તિથી દૂર થતાં અશ્રુધારા વહે છે. પ્રિયબાળા ! હવે તારે પારકે ઘેર જવાનું છે, માટે વડીલો સાથે યથોચિત વર્તન રાખી સહુની પ્રીતિપાત્ર થજે. કડવા વેણુથી કોઇને દુભવીશ નહિ. રાજભુવનમાં અનેક દાસદાસીઓ તારી સેવા કરવા તત્પર હશે, તે સહુની ઉપર સ્નેહભરી દયાની લાગણી રાખજે. ચડતી પડતી સહુકોઇને માથે આવે છે. તો ચડતીમાં છલકાઇ જવું એ હલકા માણુસનું લક્ષણ છે. કોઇવાર તારી ઇચ્છા થાય તો આપણે ઘેર પગલાં દઈ પાવન કરજે. અરે ! હવે હું વિદ્યુત્પ્રભા કહીને કોને બોલાવીશ અને કોણ મારી પાસે દોડી આવશે ? આમ બોલતાં તે ગદ્ગદિત થઇ જવાથી આગળ બોલી શકયો નહિં. માત્ર અવ્યક્ત શબ્દોમાં જ આશીર્વાદનો ઉચ્ચાર કર્યો. સ્નેહાશ્રુયુક્ત વિયોગાશ્રુ વરસાવતા તે બંને પિતા પુત્રી જુદાં પડયાં.

ત્યારપછી જિતશત્રુ ભૂપતિ પોતાની પ્રેમપાત્ર પ્રિયકાંતા આરામશોભાને હાથી ઉપર બેસાડી પોતાના નગર તરફ જવા લાગ્યો,તેટલામાં અનેકજંનોને આશ્ચર્ય પમાડતું અનેવિવિધ વૃક્ષોની શ્રેણીથી શોભતું તે ઉપવન તેમની ઉપર છત્રની માફક છાયા કરતું તેઓની સાથે આકાશમાર્ગે ચાલવા લાગ્યું. રસ્તામાં સહુ લોકોને સાનંદાશ્ચર્યચકિત કરતો તે રાજા પોતાના નગર સમીપે આવી પહોંચ્યો, તે પહેલાં જ મંત્રીશ્વરોએ તે રાજનગરને શણગારી લીધું

હતું. પોતાની પ્રિય પટરાણી સાથે પ્રવેશ કરતા પોતાના પૃથ્વીપતિને જોઈને સ્થળે સ્થળે એકત્ર થયેલા નાગરિક લોકો આનંદાશ્ચર્ય પામીને પરસ્પર વાતો કરવા લાગ્યા: “આ વસુધાપતિને ધન્ય છે! એણે પૂર્વે દાનવડે બહુ પુણ્ય કર્યું છે કે, જેથી તે આવો પ્રભાવશાળી થયો છે અને અપ્સરા જેવી અતિ રૂપવતી સ્રી પણ પ્રાપ્ત થઈ છે. પૂર્વકાળમાં જિનેશ્વર, ચક્રવર્ત્તી, વાસુદેવ અને બળદેવ વિગેરે ઉત્તમ પુરુષોને પણ જે સમૃદ્ધિ પ્રાપ્ત થઈ નથી, તેવી સમૃદ્ધિ આ રાજાને પુણ્યના બળથી પ્રાપ્ત થઈ છે; આકાશમાં નંદનવનના સરખું આ ઉદ્યાન, કયા જોનારા માણુસના મનને આશ્ચર્ય ઉત્પન્ન નથી કરતું? કેવળ નિરાધાર આકાશમાં સ્થિર રહેલાં વૃક્ષો કયા દ્રષ્ટાની દ્રષ્ટિને આનંદનિમગ્ન નથી કરતા! જેમણે પૂર્વભવમાં બહુ પુણ્ય કર્યું હોય, તેઓ જ આ વૃક્ષોના ફળ, ફૂલાદિ પામી શકે તેમ છે.” આ પ્રમાણે પ્રજાજનોના મુખથી વિવિધ વાણી શ્રવણ કરતો જિતશત્રુ રાજા પોતાની નવોઢા પત્ની આરામશોભા સાથે આનંદથી પોતાના પ્રાસાદમાં આવ્યો. દિવ્ય પ્રભાવવાળું અને દેવતાએ નિર્માણ કરેલું તે ઉદ્યાન પણ રાજાના મહેલની ઉપર આકાશમાં સ્થિર થઈને રહ્યું. આ સંસારમાં પુણ્ય એ એક કલ્પવૃક્ષ છે. માણુસ જે વસ્તુનો સંકલ્પ કરે છે, તે વસ્તુ તેના પુણ્યબળથી હજારો કોશપરથી પણ તરત આવી તેની પાસે હાજર થાય છે. જેમના પુણ્ય પ્રબલ છે, તેઓનો આ દુનિયામાં કોઈ વાળ પણ વાંકો કરી શકે તેવો નથી. પુણ્યની લીલાથી દેવતાઓ

પણ દેણુદારની જેમ આવીને મનોવાંછિત પૂર્ણ કરે છે મનુષ્યનું જ્યાં સુધી પુણ્ય પ્રબલ છે, ત્યાં સુધી જ તે જગન્માન્ય ગણાય છે. પુણ્યપ્રભા પ્રકાશિત પુરુષો જ્યાં પોતાનાં પગલાં કરે છે, ત્યાં જય જય મંગલ વર્ત્તે છે અને આનંદ આનંદ છવાઈ રહે છે. પુણ્યનું યથાર્થ વર્ણન કરવું અશક્ય છે. તીર્થંકર નામકર્મ પણ પુણ્યવડે જ બંધાય છે અને ત્રૈલોક્યાધિપત્ય પણ તેથી જ પ્રાપ્ત થાય છે. અહા! ધન્ય છે એવા પરમ પ્રભાવશાળી પુણ્યને! હે પ્રિય બાંધવ! તને જો સુખ જોઈએ તો માત્ર નિર્મલ પુણ્યને પ્રેમથી ધારણ કરી લે!!

---

'નમોસ્તુ પુણ્ય કર્મણે'

# પ્રકરણ ૪ થું.

## * ઓરમાન માતાનો પ્રપંચ *

"मधु तिष्ठति जिह्वाग्रे हृदये हलाहलं विषम्"।

"દુર્જન માણસની જીભની ટોચ ઉપર મધ હોય છે, પણ તેના હૃદયમાં તો હલાહલ ઝેર જ વર્ત્તતું હોય છે."

લગભગ રાતના દશ વાગ્યાનો સમય હતો. માનવ-જાતિનો મોટો ભાગ નિદ્રાદેવીની ઉપાસનામાં તત્પર થઈ રહ્યો હતો. માત્ર એક ટીટોડીનો શબ્દ જ કોઇ કોઈવાર શ્રવણગોચર થતો હતો. પ્રેમવશ પડેલા દંપતીઓ અસ્પષ્ટોચ્ચારથી સ્નેહાલાપ કરતા હતા. તારાઓના તેજને છુપાવી ચંદ્રમાએ પોતાની સુધામય ચાંદની દુનિયાપર ચોમેર વિસ્તારી દીધી હતી.

આ વખતે એક ઘરના દિવાનખાનામાં કોઈ દંપતી પરસ્પર વાતો કરતા બેઠા હતા.

સ્ત્રીએ કહ્યું :–"હે સ્વામિન્! આપણી વ્હાલી પુત્રીના માટે મોદકાદિ શ્રેષ્ઠ વસ્તુ કાંઇ પણ મોકલી નથી. એ શું આપણી વ્યવહારદક્ષતા અથવા વત્સલ્યતા કહેવાય?"

પુરુષે કહ્યું :–"હે ભદ્રે! તે પુત્રીના ઘરે કાંઈ ખોટ નથી. તે તો પોતાના પુણ્યના મહિમાથી હમેશાં કપૂરના કોગળા કરે છે. જેના પુણ્યની પ્રબલતા હોય, તેને શેની ખામી હોય?"

સ્ત્રી બોલી :–"પ્રાણનાથ! આપ કહો છો તે યોગ્ય જ છે. પરંતુ માતા પિતાએ મોકલેલ વસ્ત્ર–ભોજનાદિ સ્વલ્પ અને સાધારણ હોય તો પણ મહારિદ્ધિને પામેલી પુત્રી ઇચ્છા તો કરે છે, કારણ કે તે પરસ્પર સ્નેહનું એક સાક્ષાત્ ચિહ્ન છે. માટે મોદક વિગેરે કાંઇ પણ ખાવાની ચીજ મોકલવી જ જોઈએ.

સુજ્ઞવાચક! ઉપરની વાતચીત કરનાર દંપતી

આરામશોભાના માબાપ છે, તેની ઓરમાન માતા પોતાના ઉદરથી ઉત્પન્ન થયેલ તરુણ કન્યાને આરામશોભાની પદવી અપાવવા માટે તેને વિષમિશ્રિત મોદક બનાવી તેને મારી નાખવાનો પ્રયત્ન કરે છે. "આરામશોભા મરી જાય તો તેના સ્નેહવશથી જિતશત્રુ રાજા મારી પુત્રીને તેના સ્થાને સ્થાપે' એવી દુષ્ટ ભાવનાથી પોતાના પતિને કૃત્રિમ પ્રેમ દેખાડી મોદકાદિ વસ્તુ મોકલવાનો આગ્રહ કરે છે. દુષ્ટ માણસો પોતાની ક્લિષ્ટ ભાવના સિદ્ધ કરવાને અનેક પ્રકારના પ્રપંચ રચવામાં પોતાને કુશલ માને છે.

ભોળા બ્રાહ્મણે પોતાની પ્રિયાનો પ્રપંચ ન જાણ્યો. હાવભાવથકી અને તેના સ્નેહના વશથી અને તેના બ્હારના ગાઢ આગ્રહથી તેનું કથન માન્ય કરી લીધું. પ્રમદાઓના પંજામાં અને પ્રેમમાં પતિત પુરુષો પોતાના માતાપિતાઓને ઘરથી બહાર કાઢી તેમનો તિરસ્કાર કરે છે, તો પછી બીજાં કામો કરવામાં શાની આનાકાની કરે ? તરત જ અગ્નિશર્મા સ્નેહ દર્શાવતો બોલ્યો:—"હે પ્રિયા ! જો તારા મનમાં આરામશોભાને સુખડી મોકલવાની ઈચ્છા હોય, તો મોદક વિગેરે બનાવવા તત્પર થા." !

આવી રીતની અગ્નિશર્માની અનુજ્ઞા મળતાં જ તે ક્રૂર કામિનીએ સારી સારી વસ્તુઓ મંગાવી વિષમિશ્રિત સિંહકેશરીયા નામના લાડુઓ–મોદકો તૈયાર કર્યા. અને તે એક સુંદર ઘડામાં નાખી સારી રીતે બંધનથી બાંધી પોતાના પતિને બોલાવી કહ્યું:—"પ્રાણનાથ ! તમારે આ

ઘડો આપણી પુત્રી વિના બીજા કોઈના હાથમાં આપવો નહિ પણ તેને ખાનગી બોલાવી એમ કહેવું કે, "આ મોદકો તારે પોતાને જ ખાવાના છે, બીજા કોઈને પણ આપવા નહિ. કારણ કે, જો બીજાને આપીશ તો કાંઈપણ ખામી નીકળશે અને તેથી રાજકુળમાં આપણી મશ્કરી થશે. અમ જેવા ગ્રામ્ય લોકો પાસે તેવા મોદક બનાવવાનું ચાતુર્ય કયાંથી હોય? અમારા જેવા સામાન્ય લોકોના મોદકો રાજકુળમાં કોને ગમે? પણ બ્હેન! આતો કેવળ ત્હારા સ્નેહને લીધે જ આ લાવ્યો છું." વિપ્ર પોતે સરલ સ્વભાવી હોવાથી સ્ત્રીની માયાજાળને ન જાણતાં તે મોદક-ઘટ પર પોતાના નામનું સીલ કરી તેને માથે ઉપાડી ચાલી નીકળ્યો. રસ્તે ચાલતાં તે ઘડાની બહુ સંભાળ રાખતો. જ્યારે નિદ્રા લેવાની હોય ત્યારે તેને પોતાના મસ્તક નીચે રાખી નિદ્રા લેતો અને વારંવાર તેના સીલથી બાંધેલા મુખને જોતો. અનુક્રમે તે બ્રાહ્મણ જિતશત્રુ રાજાના નગર સમીપે આવી પહોંચ્યો. રસ્તામાં લાગેલા સખત શ્રમને દૂર કરવા એક મોટા વટવૃક્ષની છાયામાં સૂતો, તેટલામાં આરામશોભાના પ્રબલ પુણ્યથી પ્રેરાયેલા નાગકુમાર દેવે અવધિજ્ઞાનથી આ બધું સ્વરૂપ જાણી લીધું. વિષ-મિશ્રિત મોદકઘટ પોતાની પુત્રીને આપવા જતા તે બ્રાહ્મણને ત્યાં સૂતેલો જોઇ દેવ વિચાર કરવા લાગ્યો–"દુષ્ટ માણસો પોતાનો સ્વાર્થ સાધવા માટે કેવી ભયંકર જાલ પાથરી વિશ્વાસુજનોને ફસાવે છે. પણ જ્યાંસુધી તેમનું ભાગ્ય–

પૂર્વકૃત્ય ચળકતું હોય છે, ત્યાં સુધી દુષ્ટોના દુષ્ટ પ્રયત્નો સર્વથા વિફલ થાય છે. આમ હોવા છતાં તેઓ પોતાની વિઘ્નસંતોષિતારૂપ ભાવના તો ભાવ્યા જ કરે છે. આરામશોભાની ઓરમાન માતાએ પોતાની પ્રપંચ જાલ પાથરી આ તેના ભોળા બ્રાહ્મણ પતિ દ્વારા એ વિષવ્યાપ્ત મોદક મોકલાવી તેનો ઘાત કરી પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા ધારે છે, પણ તેને ખબર નથી કે, તેના પૂર્વ પુણ્યના પ્રતાપથી પ્રેરાયેલો હું તેની સહાયતા માટે સદાય જાગતો છું. હું તે પુત્રીનો રક્ષક પિતા વિદ્યમાન છતાં તેનાપર મરણનું અસહ્ય દુઃખ નાખવા કોણ સમર્થ છે? એ ભાગ્યવતીએ પૂર્વે બહુ પુણ્ય સંચિત કર્યું છે, તેથી તેનો અકાલ ઘાત કરવાને કોઈ સમર્થ નથી." આ પ્રમાણે વિચાર કરી તે નાગકુમાર દેવતાએ તે ઘટમાંથી વિષમિશ્રિત મોદકોનું અપહરણ કરી તેમાં બીજા અમૃત જેવા સ્વાદવાળા દિવ્ય મોદકો મૂકી તે અદૃશ્ય થઈ ગયો—અર્થાત્ આ બધું તેણે અદૃશ્ય રહીને જ કર્યું. પછી તે બ્રાહ્મણ જાગ્રત થઇ ઘડાને બરાબર તપાસી લઈ રાજદ્વારે આવ્યો. ત્યાં પ્રતિહારે તેને આવેલો જાણી રાજાને ખબર આપવા રાજસભામાં ગયો અને ભૂપતિની પાસે હસ્તદ્વય સંમેલન કરી નિવેદન કરવા લાગ્યો—'હે સ્વામિન્! આરામશોભાના પિતા રાજદ્વારે આવ્યા છે. તે આપના પવિત્ર દર્શનની ઇચ્છા રાખે છે, જો આપની આજ્ઞા હોય તો તેડી લાવું." પ્રતિહારનું આ કથન સાંભળી રાજા ખુશી થયો અને આજ્ઞા કરી કે, "તેમને ઝટ અહીં તેડી લાવ" આ પ્રમાણે

રાજાનો હુકમ થતાં તરત જ પ્રતિહારે રાજદ્વારે જઈ અગ્નિશર્મા બ્રાહ્મણને રાજા પાસે તેડી ગયો. અગ્નિશર્માએ ત્યાં આવી પ્રશસ્ત શબ્દોમાં યોગ્ય આશીર્વાદ આપી પોતે લાવેલ તે ઘડો રાજાની આગળ મૂકયો અને યોગ્યાસને બેઠો. રાજાએ પ્રથમ કુશલ પ્રશ્ન પૂછીને કહ્યું કે–'હે દ્વિજવર ! આ ઘડાને વિષે શું લાવ્યા છો ?" બ્રાહ્મણે સ્નેહમુદ્રા દર્શાવતાં જણાવ્યું:–"રાજન્ ! એમાં મ્હારી પુત્રીને માટે મોદકો આણ્યા છે. તેની માતાએ મોહના વશથી ઉત્તમ મોદકો આ ઘડામાં મોકલ્યા છે." રાજાએ અતિ પ્રસન્ન થઇ તે ઘડો આરામશોભાની પાસે મોકલાવી દીધો અને પોતે પણ વસ્ત્રાભરણ વિગેરેથી તે વિપ્રનો આદરસત્કાર કરી આનંદ પામતો તે આરામશોભાના વાસભુવનમાં આવ્યો. ત્યાં રાણીએ અતિ સ્નેહભાવથી આપેલ ઉચ્ચાસન પર તે બેઠો. અવસરને અનુસરી આરામશોભાએ કહ્યું–"હે સ્વામિન્ ! જો આપ આજ્ઞા આપો તો હું આ ઘડો ઉઘાડું." આવાં નમ્ર વચનો સાંભળી પ્રજાપતિએ કહ્યું–'પ્રિયા ! આ વખતે અહીં કોઈ સેવકજન નથી માટે તું પોતે જ ત્હારી ઈચ્છાનુસાર એ ઘડો ઉઘાડ.' રાજાની આજ્ઞાથી આરામશોભાએ ઘડો ઉઘાડયો કે તરત જ કોઈ એવો દિવ્ય સુગંધ ઉછળ્યો કે, ક્ષણવારમાં આખું આવાસભુવન સુગંધમય બની ગયું. સહુ કોઈ વિચારમાં પડી ગયા કે 'આ અચાનક અનનુભૂત સુંદર સુરભિ કયાંથી ?' રાજા પણ ઘટમાં રહેલા મોદકો જોઇ સાનંદાશ્ચર્ય બની ગયો. તેને અચાનક હૃદયમાં

એક માનસિક પ્રશ્ન થયો. "શું આ મોદકો સુધારસના બનેલા હશે ? અથવા કોઈ દેવતાના અનુગ્રહથી કે સાંનિધ્યથી બનાવેલા હશે ? મનુષ્યલોકમાં તો આવા અનુપમ મોદકોનો વ્યવહાર જોવામાં કે સાંભળવામાં આવ્યો નથી ! અહો ! પુણ્યનો પ્રભાવ કેવો અવર્ણનીય છે ? જે વસ્તુઓ રાજમંદિરમાં ભવ્ય ભોગવિલાસ કરતા ભૂપતિઓને પણ દુર્લભ, એવા દિવ્ય પદાર્થોનો પણ પોતાના પુણ્ય બળથી ઉપભોગ કરનારા આ પૃથ્વી પીઠપર સંખ્યાબંધ મનુષ્યો હશે ? પુણ્યનો મહિમા અચિંત્ય છે." આ રીતે તે દિવ્ય મોદકનો અને પુણ્ય પ્રબલતાનો વિચાર કરી મહીપાલે ફરી આરામશોભા તરફ સ્નેહ નજરથી અવલોકન કરી કહ્યું:–
"હે સુવદને ! જેના સ્વાદથી આખું મનુષ્યલોક અજ્ઞાત છે, જેમની સુંદરતા અને સુગંધનું વર્ણન કરતાં શબ્દકોષ ખૂટી પડે, એવા આ મોદકોમાંથી એક મોદક તું ત્હારી બ્હેનોને (શોકયોને)–ઇતર રાણીઓને આપી તારા ભાગ્યનો મહિમા વધાર." આ પ્રમાણે તે વસુધાપતિની આજ્ઞા થતાં આરામશોભાએ હૃદયમાં ઉભરાતી હર્ષની ઉર્મિઓ સાથે પોતાની સર્વ બ્હેનો (શોકયો)ને એક એક મોદક પોતાના હાથથી આપ્યો. મનુષ્યોને તો શું પણ મનુષ્યલોકને વિષે પણ અતિ દુર્લભ એવા તે મોદકોનું ભક્ષણ કરી બહુ જ સંતુષ્ટ થયેલી તેઓ સર્વે આ પ્રમાણે પરસ્પર કહેવા લાગી:—

"અહો આરામશોભાની માતાનું કેવું ચાતુર્ય ? તેણે પોતાની કોઇ અપૂર્વ ચાતુરીથી જ અમૃત કરતાં પણ

વિલાપના સ્વરો નીકળી ગયા.—"હે પ્રિય! હા સ્વામિન્! ભાગ્યહીન મને તમે શા માટે ત્યજી દીધી? હે તાત! આપે આપના વચન પ્રમાણે કર્યું છે, પણ મેં જ મારે હાથે પતિના આગ્રહથી પોતાના નિયમનો–વચનનો ભંગ કર્યો છે. હે દેવ! આ દુઃખિત અબળાનો અપરાધ એકવાર માફ કરી દર્શન દેવા પધારજો." આમ કહેતાં કહેતાં કંઠ અટકી પડ્યો અને તત્કાળ મૂર્છિત થઈ પૃથ્વીપીઠ ઉપર પડી ગઈ. દાસીઓએ શીઘ્ર શીતોપચારથી તેને સચેત કરી. ભૂપતિએ મૂર્છા આવવાનું કારણ પૂછ્યું એટલે આરામશોભાએ દેવતા સંબંધીની બધી હકીકત સ્પષ્ટતાથી કહી સંભળાવી, તે સાંભળી રાજા હર્ષ અને શોક બંને સાથે ધારણ કરવા લાગ્યો, પણ બાજી બગડી ગયા પછી શું થાય?

હવે પેલી કૃત્રિમ આરામશોભાની માયાજાળનો વિચાર કરતાં તેના ઉપર રાજાને બહુ ગુસ્સો આવ્યો. તે વારંવાર પોતાના કપટ પ્રપંચથી રાજાને છેતરતી હતી. પરલોક કરતાં આજ લોકમાં તેની ઠગબાજીનું ફળ દેખાડવા યોગ્ય ધારી તેને દોરડાથી દૃઢ બંધને બંધાવી ચાબુકવતી પ્રહાર કરવાનો રાજાએ વિચાર કર્યો તેટલામાં સાચી આરામશોભાએ રાજાના ચરણમાં પડી વિનંતી કરી કે,—"હે નાથ! જો કે તે આપની અપરાધિની છે, છતાં પણ એ મારી બ્હેન હોવાથી તેના પર દયા લાવી તેને છોડી મૂકો. દુર્જનો ભલે પોતાની દુર્જનતા બતાવે પણ

સજ્જનો તો તેના તરફ પોતાની સજ્જનતા જ બતાવે છે" ભૂપતિ બોલ્યો,—"મહાદેવી! આ તારી બ્હેનના બંને હાથ કાપી નાખવા ઘટે છે તો પણ તારૂં વચન ઉલ્લંઘી ન શકવાથી હું તેને છોડી દઉં છું" એમ કહી તેને બંધનથી છોડાવી મૂકી. આ બધો વિપ્રની દુષ્ટ નવવધૂનો પ્રપંચ હોવાથી અને તેમાં બ્રાહ્મણની સહાયતા હોવાથી મહીપાલે પોતાના સુભટોને બોલાવી આજ્ઞા કરી કે–"હે સુભટો! તમે પેલા દુર્બુદ્ધિ બ્રાહ્મણ પાસેથી તેને આપેલાં ગામ છીનવી લઈ તે દુર્ભગને દેશ બહાર કાઢી મૂકો; અને તેની નવોઢાના નાક, કાન અને હોઠ કાપી નાખી તે બ્રાહ્મણની સાથે તેને પણ દેશ બહાર વિદાય કરો. કારણ કે, "દુષ્ટજનોને તેની દુષ્ટતાની શિક્ષા આપ્યા વગર દેશમાં દુષ્ટતાનો વધારો થાય છે." આ પ્રમાણે રાજાની આજ્ઞા થતાં રાજસેવકો તેમ કરવાને તત્પર થયા; પણ આરામશોભાએ દયા લાવી પોતાના માત પિતાને છોડાવ્યાં કારણ કે–"अपकारिषुयः साधुः स साधुः कथ्यते जनैः" કુહાડાથી છેદાતું ચંદનવૃક્ષ પણ કૂહાડાના મુખને તો સુગંધી જ બનાવે છે. સજ્જનોનો એવો જ સ્વભાવ હોય છે.

પછી પૂર્વ પુણ્યના પ્રભાવથી અતિ ગાઢ સ્નેહથી, સંસાર સુખ ભોગવતાં અને યથાશક્તિ શાસ્ત્રવિનોદ કરતાં તે રાજદંપતીનો કેટલોક કાળ સુખમાં ચાલ્યો.

# પ્રકરણ ૭ મું

## ધર્મ–શ્રવણ.

પ્રાતઃકાળનો વખત છે, આસ્તિક લોકો પોતાની ધર્મક્રિયામાં પ્રવૃત્ત થયા છે, અરૂણોદયથી પૃથ્વી પ્રકાશવતી થઈ ગઇ છે, સુખી શ્રીમંતો સવારની મીઠી નિદ્રાનો સ્વાદ લઈ રહ્યા છે. છાત્રવર્ગના પ્રભાતનું ઉદ્ઘોષણ કવચિત્ સાંભળવામાં આવે છે, પક્ષીઓ પોતાના પ્યારાં બચ્ચાંઓથી છૂટા પડવાની તૈયારીનો એકી સાથે જાણે શોક પ્રગટ કરતાં હોય તેમ ચોતરફથી અવ્યક્ત શબ્દો આવે છે, આધ્યાત્મિક લોકો પોતાના આત્મચિંતનમાં લીન થઇ આનંદમગ્ન થઈ રહ્યા છે. આ વખતે એક સુંદર રાજમંદિરના એક વિશાલ દીવાનખાનામાં કોઇ દંપતી નીચે પ્રમાણે સ્નેહાલાપ કરી રહ્યા છે.

“ હે સ્વામિન્ ! એક સામાન્ય કુળમાં જન્મ પામી, માતૃવિયોગી થઈ બાલ્યવયને કષ્ટે વ્યતીત કરી, જંગલમાં ગાયોને ચારવાના કર્મમાં તરૂણાવસ્થાનો વ્યય કરવામાં જીવન ગાળતી હું કેવી કઠણ સ્થિતિમાં હતી ! અને અત્યારે આ અચિંત્યવૈભવનાં સુખમાં ઝીલી રહી છું, જે સ્વપ્ને પણ કદી સંભવિત ન્હોતાં. કયાં ગાયોને ચારવારૂપ પરાધીનતા અને કયાં સર્વોપરી પટ્ટરાણીપદ ! કયાં દરિદ્રતાના દેવલરૂપ જીર્ણ ઝુંપડું ? અને કયાં દેવવિમાન

તુલ્ય રાજભુવન ? આ બધું સ્થિતિપરિવર્તન શાથી થયું હશે ? પૂર્વે માતૃવિયોગરૂપ અને ગૃહકાર્ય ચિંતારૂપ દુઃખ શાથી મળ્યું હશે ? અને અત્યારે દેવાંગના સમાન સુખ અને ઉચ્ચ પદવી શા કારણથી પ્રાપ્ત થઇ હશે ? હે નાથ ! આ પ્રકારનો મને પુનઃ પુનઃ વિચાર થયા કરે છે, યદ્યપિ સુખ અને દુઃખ એ બધું પૂર્વકૃત પુણ્ય પાપને લઇનેજ પ્રાપ્ત થાય છે, છતાં પણ મેં તે કેવાં શુભાશુભ કર્મો કર્યાં હશે ? કે જેથી દુઃખ સુખ પામી ? જ્યારે કદાચિત્ હું આત્મવિચાર કરૂં છું, ત્યારે મને મારે માટે બહુ પ્રશ્નો ઉદ્ભવે છે; પણ ઘણીવાર હૃદયમાંજ પાછા શાંત થઇ જાય છે. હવે જો કોઈ સમર્થ જ્ઞાની ગુરુ પૂર્વ પુણ્યના યોગથી મળે, અત્રે પધારે, તો આ મારા બધા પ્રશ્નોના ખુલાસા કરૂં અને તેવાં સુખનાં કારણોનો વિશેષથી આદર કરૂં.”

આ મનહર મંદિરમાં જે દંપતી વાતો કરે છે, તે આપણી વાર્તાની નાયિકા આરામશોભા અને તેનો પ્રાણ-પ્રિય પતિ જિતશત્રુ રાજા છે. આરામશોભા પોતાના મનોમંદિરમાં પુનઃ પુનઃ ઉદ્ભવતા પ્રશ્નો માટે સંતોષ-કારક ખુલાસો મેળવવા અતિશય અધીર થઈ પોતાના મનોભાવ રાજા પાસે પ્રગટ કરે છે. ‘કોઈ જ્ઞાની મહાત્મા અત્રે પધારે તો આ બધો ખુલાસો પૂછાય અને માનસિક ચિંતા દૂર થાય.’ આ પ્રમાણે રાજાએ તેના વિચારને અનુસરી પોતાની સંમતિ આપી. એ રીતે પરસ્પર વાર્તા-

લાપ કરે છે, એટલામાં હર્ષથી પ્રફુલ્લિત થતા ઉદ્યાનપાલકે ત્યાં આવી વધામણી આપી.

"હે સ્વામિન્ ! નંદનવન નામના આપના ઉદ્યાનમાં મનુષ્ય અને વિદ્યાધરોથી પૂજિત, અને મહા મહિમાવાળા શ્રી વીરભદ્ર નામના આચાર્ય પાંચસો મુનિઓ સહિત સમવસર્યા છે." આ પ્રમાણે મનોવાંછિત વધાઇ શ્રવણ કરી ભૂપતિએ તેને અતિ આદરપૂર્વક પ્રીતિદાન આપ્યું અને પોતાની પ્રિયાને બોલાવી હર્ષાકુલ વદને ઇષ્ટ સંદેશો સંભળાવ્યો—'દેવી તારો મનોરથ સફલ થયો. મનની ધારણા પ્રમાણે આજે પૂર્વ પુણ્યોદય થયો. આજ અચાનક આપણા માટે સુધાવૃષ્ટિ થઇ. ઘણા મુમુક્ષુ ભવ્યજનો સાધુસમાગમ માટે ઝંખ્યા કરે, તો પણ તેઓ પામી શકતા નથી અને અત્યારે અણધાર્યા આપણા ઉદ્યાનમાં નરખેચરસેવિત સાધુ શિરોમણિ શ્રી વીરભદ્ર નામે આચાર્ય મહારાજ પધાર્યા છે, સાધુઓ માટે શાસ્ત્રમાં પણ દુર્લભતા બતાવી છેઃ—

शैले शैले न माणिक्यं, मौक्तिकं न गजे गजे।
साधवो नहि सर्वत्र, चंदनं न वने वने ॥१॥

"જેમ દરેક પર્વતમાં માણિક્ય મળતા નથી, દરેક હાથીના કુંભસ્થલમાં મોતીઓ હોતા નથી અને દરેક વનમાં ચંદન નીપજતું નથી, તેમ સત્પુરૂષો પણ દરેક સ્થળે હોતા નથી. તેમનો સમાગમ મહા ભાગ્યે જ મળી શકે છે." માટે આજે આપણાં અહોભાગ્ય પ્રગટયાં કે

જેથી તેવા ગુરુમહારાજે પોતે જ આપણા રાજ્યમાં પગલાં કર્યાં."

આ પ્રમાણે પોતાના સ્વામીના મુખથી હર્ષસંદેશો સાંભળી રાણીના હૃદયનો હર્ષસાગર પોતાની મર્યાદાને પણ ઓળંગી ગયો. પછી રાજાએ આચાર્ય મહારાજને વંદન કરવા માટે તથા તેમની ધર્મદેશના સાંભળવા માટે આખા શહેરમાં ઉદ્‌ઘોષણા કરાવી, પોતાના અંતઃપુર-સહિત રાજા વંદન કરવા માટે તે ઉદ્યાનમાં ગયો. ત્યાં તે આચાર્ય મહારાજને ત્રણ પ્રદક્ષિણા પૂર્વક વંદના કરી બહુ જ ઉત્કંઠાપૂર્વક ધર્મ સાંભળવા બેઠો. શ્રી વીરભદ્ર-સૂરિએ પણ યોગ્ય અવસર જાણી ભવ્યજીવોનાં પાપપંકને પ્રક્ષાલન કરનારી ધર્મદેશના શરૂ કરી :—

"હે ભવ્યજનો! આ દુસ્તર અને અનેક આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ જળજંતુઓથી ભરપૂર સંસાર-સાગરનો પાર પામવા માટે વીતરાગ કથિત જૈનધર્મરૂપ નાવ એજ ઉત્તમોત્તમ અસાધારણ સાધન છે. સુખ સંપત્તિ, સૌભાગ્ય, આરોગ્ય, દીર્ઘાયુષ્ય, ઉત્તમકુળ દિવ્ય-રૂપ, અપૂર્વયૌવન, અધિક શક્તિ, કીર્તિ, યથેષ્ટ વસ્તુની પ્રાપ્તિ, લક્ષ્મીની લીલાલ્હેર, સર્વ માન્યતા અને શ્રેષ્ઠ પ્રભુતા વિગેરે ઐહિક—આ લોક સંબંધી સ્વર્ગ અને મોક્ષપ્રાપ્તિ પણ ધર્મથી જ થઈ શકે છે. આ ભવમાં પરિભ્રમણ કરતાં અનેક જન્મો થતાં પણ માનવજન્મની પ્રાપ્તિ ઘણી દુર્લભ છે, તે પ્રાપ્ત થયા છતાં શરીર આરોગ્ય દુર્લભ

છે, તે બંનેની પ્રાપ્તિ કરતાં ઉત્તમ કુળ, તે કરતાં ધર્મ શ્રવણ તે કરતાં ધર્મની અચલ શ્રદ્ધા; તે કરતાં ધર્માચરણ વિગેરે ઉત્તરોત્તર પ્રાપ્તિ દુર્લભ સમજવી અને તે ઉત્તરોત્તર પુણ્યની અધિકતાથી જ સંપ્રાપ્તિ થાય છે; માટે હે ભવ્યાત્માઓ! જેમ બને તેમ ત્રિકરણ યોગથી ધર્મારાધન કરવામાં પ્રમાદ ન કરવો."

આ પ્રમાણે સૂરિરાજની ધર્મદેશના શ્રવણ કરી મેઘનાદથી મયૂરની જેમ સહુ કોઇ આનંદ પામ્યા. પછી આરામશોભાએ અવસર વિચારી આચાર્ય મહારાજને પૂછ્યું:—"હે ભગવાન્! મેં પૂર્વે કેવું પુણ્યકર્મ કર્યું હતું કે જેથી મારા ઉપર ઉદ્યાન છત્ર રૂપે છાયા કરીને રહ્યું? હે મહાત્મન્! તે કૃપા કરી મને કહો."

"હે ભદ્રે! તારા પૂર્વકૃત શુભ કર્મથી તું તેવા પ્રકારનું સુખ પામી. તે તારા પૂર્વભવના ચરિત્ર ઉપરથી સ્પષ્ટ સમજી શકાશે, માટે તે સાવધાન થઇને શ્રવણ કર." ગુરુ મહારાજે પૂર્વભવના ચરિત્રનું કથન કરતાં કહ્યું.

પછી આરામશોભા એક ચિત્તે સાવધાન થઇ પોતાનો પૂર્વભવ સાંભળવા લાગી.

## પૂર્વભવ

ચંપાના પુષ્પની જેમ પોતાની કીર્તિરૂપ સુરભિવડે ચારે દિશાઓને સુવાસિત કરતી ચંપાનગરીમાં કુબેર જેવો ધનવંત કુલધર નામે શેઠ રહેતો હતો. ઉભય કુળને

આનંદ આપનારી કુલાનંદા નામની તેની સ્ત્રી હતી. તે દંપતીને સંસારસુખ ભોગવતાં ૧ કમલશ્રી, ૨ કમળવતી, ૩ કમળા, ૪ લક્ષ્મી, ૫ કામરાગવતી, ૬ યશોદેવી અને ૭ પ્રીતિકારિણી એ અનુક્રમે સાત પુત્રીઓ થઈ. આ સાતે પુત્રીઓને કુળવાન શ્રેષ્ઠી પુત્રો સાથે પરણાવેલ હોવાથી તેઓ પોતાની ઇચ્છાનુસાર સંસારસુખ ભોગવતી હતી. આ સાત પુત્રીઓ ઉપર તે શ્રેષ્ઠીને એક આઠમી પુત્રી થઇ, જે પુણ્ય રહિત હોવાથી તેનો જન્મ થતાં જ માતાપિતાને બહુ દુઃખ સહન કરવું પડયું, તેથી તેમણે તેનું નામ પણ પાડયું નહિ. સમય જતાં તે વૃદ્ધિ પામી યૌવનાવસ્થા પામી, છતાં માતાપિતાએ તેને પરણાવી નહિ; ત્યારે સ્વજનોએ એકત્ર થઇ શેઠને કહ્યું–" શેઠ! આ તમારી પુત્રી યૌવનાવસ્થા પામી છે, માટે તેને હવે તરત પરણાવો. તમે તમારી મૂર્ખાઇના વિચારોનો ત્યાગ કરો. કારણ કે, અવિવાહિત કન્યા કુળને મલીન કરે છે."

પોતાના સંબંધીઓનાં આવાં વચન શ્રવણ કરી કુલધર શેઠ તે પુત્રીને પરણાવવાનો નિશ્ચય કરી મનમાં વિચાર કરવા લાગ્યો–'પુત્રીના સરખા આચાર અને રૂપ-રંગવાળો કોઇ વણિકપુત્ર અહીં આવી ચડે, તો ભાગ્ય રહિત આઠમી પુત્રી તેના ગળે વળગાડી દઉં."

એક દિવસે કુલધર શેઠ પોતાની દુકાને બેઠો હતો, તેવામાં મલીન વસ્ત્રધારી શ્યામવર્ણનો કોઇ પરદેશી વણિક-પુત્ર તેની દુકાને આવ્યો. તેને શેઠે પૂછયું–'તું કોણ છે?

ક્યાંથી આવે છે? તું રહેવાસી કયા દેશનો છે? અને અહીં શા કારણે આવવું થયું છે?

કુલધર શેઠના આ પ્રમાણેના એક પછી એક પ્રશ્ન સાંભળી વણિકપુત્રે જવાબ આપ્યો–"હું કોશલપુરના રહેવાસી નંદી નામના વણિકનો પુત્ર છું, મારૂં નામ નંદન છે, મારી માતાનું નામ સોમા છે, હું ધનરહિત થઇ જવાને લીધે ધનને માટે ઉડદેશમાં ગયો હતો, ત્યાં પણ દારિદ્ર મારી પાછળ પાછળ આવ્યું. પૂર્વકૃત કર્મ હમેશાં સાથે જ આવે છે. ત્યાં પણ હું કંઈ ધન પ્રાપ્ત કરી શક્યો નહિ; તથાપિ અભિમાનને લીધે હું મારા દેશ પાછો ન ફર્યો, હવે તો આ જ દેશમાં કોઈ તમારા જેવા શ્રીમંતની સેવા કરી આજીવિકા ચલાવીશ. આ દેશના રહેવાસી વસંતદેવ નામના શેઠે મને તે ઉડદેશથી કાગળ લખી આપ્યો છે અને અહિં શ્રીદત્ત નામના શેઠ પાસે મને મોકલ્યો છે. હે મહાનુભાવ! તે શ્રીદત્ત શેઠનું ઘર ક્યાં છે? તે મને બતાવો અગર કહો."

તે વણિકપુત્રના આવાં વચન સાંભળી કુલધર શેઠ વિચાર કરવા લાગ્યો–"આ વણિકપુત્ર મારી સુતાને યોગ્ય વર છે. કારણ કે, તે એક તો દરિદ્રી વણિકપુત્ર છે અને પરદેશી છે, બીજું તે અભિમાની પણ છે, માટે પુત્રીને તેની સાથે પરણાવવી યોગ્ય છે.

આ પ્રમાણે વિચાર કરી કુલધર શેઠે તે વણિકપુત્રને કહ્યું–"હે મહાનુભાવ! તારો પિતા મારે મિત્ર થાય છે,

માટે તું શ્રીદત્ત શેઠને કાગળ આપી તરત મારે ઘેર પાછો આવજે" આ પ્રમાણે ભલામણ કરી કુલધર શેઠે એક માણસ મોકલી તેને શ્રીદત્ત શેઠનું ઘર બતાવ્યું. વણિક-પુત્ર નંદન પણ શ્રીદત્ત શેઠને કાગળ આપી ઝટ કુલધર શેઠને ઘેર પાછો આવ્યો. પછી કુલધર શેઠે તેને સ્નાન કરાવી મનોહર ઉજળાં વસ્ત્ર પહેરાવી, ભોજન કરાવીને પોતાનો મનોભાવ જણાવ્યો—"શેઠ! આજે મારે ઉડદેશ જવાનું છે તો હું તેને શી રીતે પરણું? શેઠે લાલચ બતાવી જણાવ્યું—"હે નંદન! મારી પુત્રી સાથે લગ્ન કરી તેને સાથે લઇ ઉડદેશ જા; તમારી બંનેની આજીવિકા માટે હું ત્યાં દ્રવ્ય મોકલતો રહીશ" આ પ્રમાણે શેઠના આગ્રહથી અને કાંઇક પોતાની ઇચ્છાથી નંદને પરણવાની વાત કબુલ રાખી, એટલે કુલધર શ્રેષ્ઠીએ પોતાની નિનામિકા પુત્રીને તે નંદનની સાથે વગર વિલંબે પરણાવી દીધી.

# પ્રકરણ ૮ મું.

## * અનાથ અબળા. *

### (પૂર્વભવ)

એક દિવસે શ્રીદત્ત શેઠે નંદનને કહ્યું-"જો તારે અહીં જ રહેવું હોય તો તારી જગ્યાએ હું બીજા માણસને મોકલવાની ગોઠવણ કરૂં" જવાબ દેતાં નંદને જણાવ્યું-"શેઠ! હું પોતે ત્યાં જઇશ. બીજા કોઇને મોકલવાનું કરશો નહિ." એમ કહી નંદન પોતાના સસરા કુલધર શેઠ પાસે આવી કહેવા લાગ્યો-"હે તાત! હું ઉડદેશ જવાનો છું, માટે મને રજા આપવી પડશે." કુલધર શેઠે જણાવ્યું-"હે વત્સ! તું તારી ઇચ્છા પ્રમાણે કર, તને મારો કોઇ જાતનો પ્રતિબંધ નથી, પરંતુ ત્યાં પણ જતાં તારે પોતાની સ્ત્રીને સાથે લઇને જવું." પછી શ્રીદત્ત-શેઠનો કાગળ લઈ સસરાએ આપેલું ભાતું બાંધી નંદન પોતાની સ્ત્રી સહિત ત્યાંથી વિદાય થયો.

કેટલેક દિવસે તે ઉજજણ નગરીની પાસે આવી પહોંચ્યો. ત્યાં રાતે ગામની બહાર કોઇ દેવમંદિરમાં નિવાસ કર્યો. રાતે સૂતાં સૂતાં તેને વિચાર થયો કે-"આ સ્ત્રીની સાથે ધીમે ધીમે માર્ગમાં ચાલવાથી ભાતું સઘળું ખૂટવા આવ્યું. હવે શું કરૂં? મારે ભીખ માગવી પડશે, માટે આ સ્ત્રીને અહીં જ સૂતી મૂકી ઇષ્ટસ્થાનકે

ચાલ્યો જાઉં. તેમ નહીં કરૂં તો રસ્તામાં મારે સંકટ વેઠવું પડશે." આ પ્રમાણે મનમાં વિચાર કરી તે પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો-"પ્રિયા! હવે આપણું ભાતું ખૂટી જવા આવ્યું છે, માટે હવે મારે ભિક્ષા માગવા જવું પડશે. કારણ કે માણસે પોતાના ઉદરપૂરણ માટે અગાઉથી વિચાર કરી લેવો જોઇએ." આ પ્રમાણે વણિકપુત્રના વિચાર સાંભળી સ્ત્રીએ નમ્રભાવથી કહ્યું-"સ્વામિનાથ! કુલાંગનાઓનો એવો ધર્મ છે કે-'पतिरेव गतिः स्त्रीणाम्' 'કુલાંગનાઓની પતિ એજ ગતિ છે.' અર્થાત્ જેવી સ્થિતિમાં તેમનો પતિ રહે તેવી સ્થિતિમાં તેમણે રહેવું જોઇએ. માટે હું પણ પ્રાણનાથ! આપની સાથે ભિક્ષા માગવા આવીશ." આ પ્રમાણે વાતો કરતાં કરતાં જ્યારે સ્ત્રી નિદ્રાવશ થઇ, એટલે નંદન બધું ભાતું લઇ ત્યાંથી ચાલ્યો ગયો.

પ્રભાત થતાં સ્ત્રી જાગ્રત થઇ અને આમ તેમ જોયું તો પોતાના પતિને દીઠાં નહીં. તેથી તેણે વિચાર કર્યો કે— "અરે હાય! હું અભાગણી છું કે, પરણેતર પતિ પણ મારો ત્યાગ કરી ચાલ્યા ગયા! હે પ્રાણપ્રિય! મારૂં પાણિગ્રહણ કરી અત્યારે અહિં નિરાધાર છોડી દેતાં દયાદેવીએ પણ તમને અટકાવ્યા નહિ? હે નાથ! પરદેશમાં અબળાને એકલી રડાવી, રંડાવી, રખડાવી આગળ પગલું ભરતાં હિંમત દેવીએ તમને સહાયતા કેમ આપી! પુરુષોમાં આટલી બધી કઠોરતા—નિર્દયતા—ક્રૂરતા નિવાસ

કરી રહી હશે કે તેઓ માત્ર પોતાના પતિના જીવનપરજ આધાર રાખનારી, તેને સુખે સુખી અને દુઃખે દુઃખી થનારી અબળાઓ પર પણ પોતાની કઠોરતાનો પ્રયોગ કરતાં અચકાતા નથી. હે દૈવ! હું કોને શિરે દોષારોપણ કરૂં! તું જ મારા પર જ્યારે રૂષ્ટમાન્ થયો, તો હવે ક્યાં જઈને મારે પોકાર કરવો? જેનું દૈવ વાંકુ તેના અઢારે આંગણાં વાંકાં!! અરે! હવે મારે ક્યાં જવું? કોનું શરણ લેવું? દૈવે આપેલું શરણ તેણે છીનવી લીધું! પતિ વગર મારી શી ગતિ થશે? મારો પવિત્ર ધર્મ હું શી રીતે સાચવી શકીશ? પુષ્પ વિના જેમ લતા ન શોભે તેમ પતિ વિના સ્ત્રી શોભતી નથી. હે પ્રભુ! હે દયાળુ પરમાત્મન્! હવે તો એક તારૂં જ શરણ છે! તારા પ્રસાદથી હું મારા શીલ સંરક્ષણમાં મેરૂ પર્વતની જેમ અચલ રહી સદા તારી આરાધના કર્યા કરૂં એવી હૃદયમાં સન્મતિ આપજે. આપ જેવા કલ્પવૃક્ષને મૂકી હવે બાવળીયા પાસે નથી જવું. હે અશરણ શરણ દીનબંધો હવે તો—

"માત તાત સગાં સહોદર, જે ગણું તે આપ મારે."

માટે આપના પર જ એક સુવિશ્વાસ દૃઢ રહો. અરે! હવે પિતાજીને ઘેર જવું યોગ્ય નથી, કારણ કે ત્યાં હવે મારો આદર થવાનો નથી. એક પરમકૃપાળુ પરમાત્મા વિના હવે મને બીજો કોણ ગ્રહે?"

આ પ્રમાણે પ્રથમ શોકસાગરમાં ઉછાળા મારી પછી

સ્વયમેવ પાર પામી પોતે પોતાને ધીરજ આપી પોતાના દેહ સાથે ધર્મનું રક્ષણ કરવા પાસેની ઉજ્જયિનીનગરીમાં ચાલી, ત્યાં ભમતાં ભમતાં એક દુકાન પર બેઠેલા કોઈ માણિભદ્ર નામનાં શેઠને ઉત્તમ સદ્ગૃહસ્થ જાણી તેના પગમાં પડીને કહેવા લાગી—" હે તાત! આપની દેહકાંતિ અને પુણ્યપ્રભાજ સૂચન કરી દે છે કે, આપ દીન, દુઃખી અને અનાથ માણસોના શરણરૂપ છો. આપ જેવા ઉદાર અને તેજસ્વી નરરત્નોથી જ 'बहुरत्ना वसुंधरा' આ કહેવત ચરિતાર્થ છે." આ પ્રકારનું તે અનાથ અબળાનું દીન વચન સાંભળી તે દુકાનદાર શેઠ પૂછવા લાગ્યો— "હે બાળા તું કોણ છે? અને તારાપર એવું શું સંકટ આવી પડયું છે? કે, જેથી આ કરૂણાજનક શબ્દો બોલે છે! જે તારી દુઃખની વાત હોય તે જણાવી દે, એટલે જો શકય હોય તો તેનું નિવારણ કરાય!" શેઠનાં આ કરૂણાર્દ્ર વચનો શ્રવણ કરી તે અબળા કાંઇક નિશ્ચિંત થઇ કહેવા લાગી–" હે અશરણબંધો! ચંપાનગરીમાં કુલધર શેઠ રહે છે, તેની હું પુત્રી છું. હું પતિની સાથે ઉડદેશમાં જતી હતી, પરંતુ સાથથી ભૂલી પડી જવાથી નિરાધાર થઇ તમારે શરણે આવી છું." મણિભદ્ર શેઠ તેનાં વિનય-યુક્ત મધુર વચનથી બહુ જ સંતોષ પામીને બોલ્યો– "હે પુત્રી! તું કોઇ રીતે મનમાં ખેદ ધરીશ નહિ. તું નિશ્ચિંત થઈ મ્હારે ઘેર સુખેથી રહે અને ધર્મસાધના કર." શેઠનાં વચનથી તે બાળા તેને ઘેર યથોચિત કામ કરતી રહેવા લાગી.

પોતાના માણસો પાસે સાથની શોધ કરાવતાં તેની વાત ક્યાંયથી પણ સાંભળવામાં ન આવી, તેથી શેઠે ચંપાનગરીમાં કુલધર શેઠ પાસે એક માણસ મોકલ્યો. તે કુલધર શેઠને જઇ મળ્યો અને કહ્યું—'શેઠ! તમારે કેટલી પુત્રીઓ છે? તેમાં કેટલી પરણાવેલી છે? મને ઉજ્જયનગરીથી મણિભદ્ર શેઠે મોકલ્યો છે. માટે તે સંબંધી હકીકત જે હોય તે કહો." આ પ્રમાણે તે અજ્ઞાત માણસનો પ્રશ્ન સાંભળી કુલધર શેઠ સાશંક મનથી જવાબ આપવા લાગ્યો—"હે ભદ્ર! મારે આઠ પુત્રીઓ છે, તેમાં સાત પુત્રીઓને આ ચંપાનગરીમાં પરણાવી છે અને આઠમી પુત્રીને એક વણિકપુત્રની સાથે પરણાવી હતી, તે તેના પતિ સાથે ઉડદેશ તરફ ગઇ છે; તે સિવાય મારે બીજી પુત્રી નથી, તેથી હું મણિભદ્ર શેઠની સાથે શી રીતે સંબંધ કરૂં?" આ બધી હકીકત તે માણસે મણિભદ્ર શેઠને કહી સંભળાવી, તેથી તે કુલધર શેઠની પુત્રી છે એમ જાણી બહુ આદર કરવા લાગ્યો. તેમ જ તે પુત્રીના વિનયગુણથી શેઠનું સર્વ કુટુંબ સારી રીતે સંતુષ્ટ થયું. માણસ પોતાના ગુણને લઇને દરેક ઠેકાણે આદર પામે છે. પોતાના ગુણથી પ્રિય થયેલી તે કુલધર શેઠની પુત્રી મણિભદ્ર શેઠના ઘરમાં સુખે દિવસો નિર્ગમન કરવા લાગી.

"रक्षन्ति पुण्यानि पुराकृतानि"

---

# પ્રકરણ ૯ મું

## ધર્માનુષ્ઠાન

### ( પૂર્વભવ. )

એક સુંદર હવેલીની સાતમી ભોંયપર વિવિધ વસ્તુઓથી વિભૂષિત વિશાલ ઓરડામાં આરામઆસનપર ગંભીર વિચારમગ્ન કોઇ પ્રૌઢ પુરુષ બેઠેલો છે. તેના મુખની છાયા ઉપરથી એવું અનુમાન થાય છે કે તે કોઇ પ્રકારની ચિંતામાં છે. તેના લલાટના દિવ્ય તેજમાં શોકની શ્યામ છાયા પ્રસરવાથી રજનીપતિ અને રાહુનો જાણે સમાગમ થયો હોય એવી કલ્પના થઈ શકતી હતી. જેમ કોઈ લોભી માણસ લાખોની ખોટથી લમણે હાથ દઇ દિવસોના દિવસો હ્રદયમાં રડયા કરે, તેમ અત્યારે આ પ્રૌઢ પુરુષની તેવી સ્થિતિ થઈ ગઈ છે, એટલામાં કોઇ પુણ્યપ્રભાવતી શાંતમૂર્તિ તેની પછવાડે આવી ઉભી રહી. થોડો વખત ત્યાં ઉભા રહ્યા છતાં જ્યારે પુરૂષની દૃષ્ટિ પછવાડે ન ફરી એટલે તે નિર્દોષ મૂર્તિ તેની સામે જઈને ઉભી રહી, છતાં પણ તત્કાળ ઉપયોગ ન થવાથી તે શાંત મૂર્તિએ જ શાંત ભાવથી શબ્દનો ઉચ્ચાર કર્યો– "તાત ! શા વિચારમાં નિમગ્ન થઈ ગયા છો ? ( પુરુષે ચમકીને જોયું. ) હું તો નિશ્ચયપૂર્વક એવું અનુમાન કરી શકું છું કે આપ કોઇ અનિર્વાર્ય ચિંતામાં ડૂબી

ગયા છો ! જે સદાનું આપનું પ્રસન્નમુખ મને આનંદ આપતું, તે આજે ગ્રીષ્મઋતુની કમલિનીની જેમ પ્રાયઃ નિસ્તેજ થઈ ગયું છે.

શિરછત્ર ! શું આ ચિંતા એવી અગમ્ય અને અકથ્ય છે કે જેના દુઃખમાં હું ભાગ જ ન મેળવી શકું ! શિરસાવંદ્ય ! ગમે તેવી ચિંતા આપને માથે આવી પડી હોય, છતાં વિનંતી છે કે આ પુત્રીને તો કહી દેવી જ પડશે."

સુજ્ઞ વાચકો ! ચિંતામગ્ન બેઠો છે તે માણિભદ્ર શેઠ પોતે છે અને તેની પાસે જે નિર્દોષમૂર્તિ આવી છે તે કુલધર શેઠની પુત્રી છે. પોતાના આશ્રયદાતાને ચિંતાતુર જોઈ તે તેનું કારણ પૂછે છે અને પોતે સખેદ હૃદયે શ્રવણ કરવા આતુર બની છે.

આ પ્રસંગે કહેવું જોઇએ કે, કુલધર શેઠની પુત્રીના પ્રથમના જીવનમાં અને ચાલુ પ્રસંગના જીવનમાં ઘણો તફાવત પડી ગયો છે. જેનું એક સાધારણ અને અજ્ઞાનમય જીવન હતું, તે હવે પ્રકાશ, ધર્મ અને સચ્ચારિત્રમય થઈ ગયું છે. જેના હૃદયની રેખાઓ પ્રથમના કરતાં હવે જુદી જ જોવામાં આવે છે. સાધ્વીઓના સંસર્ગથી જીવાજીવાદિ નવતત્ત્વોને તે હવે જાણતી થઈ છે. માણિભદ્ર શેઠે બંધાવેલ એક ભવ્ય જિનમંદિરમાં તે પ્રતિદિન પ્રભુની પૂજા-ભાવનામાં ભાવસહિત પ્રવૃત્ત થાય છે. માણિભદ્ર શેઠ તરફથી જે દ્રવ્ય તેને આપવામાં આવતું,

તેનાં જિનમંદિરમાં તેણે ભક્તિનાં સાધન વાજીંત્રો કરાવ્યાં તથા તે ઉપરાંત દ્રવ્યથી શ્રી પ્રભુ ઉપર મુક્તાફળથી સુશોભિત સુવર્ણના ત્રણ છત્રો કરાવ્યાં. પોતાની યથા-શક્તિએ તે બાર પ્રકારનું તપશ્ચરણ કરવા લાગી અને ઉજમણાદિ ઉત્સવથી શાસનની શોભા વધારવા લાગી. શ્રી ચતુર્વિધ સંઘની ભક્તિ કરતાં તે બહુ આનંદ પામતી અને પોતાને કૃતાર્થ માનવા લાગી. ચંદન પુષ્પાદિથી પ્રભુની અષ્ટપ્રકારી પૂજા કરતાં તે ભક્તિમાં એવી તો તન્મય થઇ જતી કે, જાણે સતી સુલસાએ સ્વરૂપ ધારણ કર્યું હોય તેવી લાગતી હતી. તમામ પ્રકારના પાપથી નિવૃત્ત થઈ તે પોતાના વખતનો ઘણો ભાગ માત્ર ધર્મારાધનમાં જ વ્યતીત કરતી. માણિભદ્ર શેઠના ઘરમાં આવી તેણે અભ્યાસ કરી સારૂં જ્ઞાન મેળવ્યું હતું કે, જેથી તે પઠન વાંચનમાં બહુજ આનંદથી વખતનો ઉપયોગ કરવા લાગી, એટલુંજ નહિ પણ પોતાની સમાન વયની અને પ્રૌઢ સ્ત્રીઓને તેમના અવકાશના અવસરે એકત્ર કરી ધર્મબોધ આપતી અને તેમના હાથે પુણ્યનાં અનેક કાર્યો કરાવતી અને વારંવાર પોતાના આત્માને ધન્ય માનતી.

જ્યારે માણિભદ્ર શેઠને અત્યાગ્રહ કરી ચિંતાનું કારણ પૂછ્યું, ત્યારે તેણે ન છૂટકે શોક સમાકુલ થઈને કહ્યું—“ વત્સે ! રાજાએ મારાપર પ્રસન્ન થઇને વિવિધ ફળ-ફૂલથી સુશોભિત—મનહર ઉદ્યાન, શ્રી જિનેશ્વર પ્રભુની પૂજા માટે આપ્યું છે, તેમાંથી હમેશાં પુષ્પફલાદિ વસ્તુઓ

લાવી પ્રભુની પૂજા કરૂં છું. આજે તે ઉદ્યાન અકસ્માત્ સૂકાઇ ગયું, ઘણા ઘણા ઉપાયો કરતાં પણ તે નવપલ્લવિત થતું નથી. જો આ વાત રાજાના જાણવા કે સાંભળવામાં આવશે, તો મારાપર બહુજ નારાજ થશે; એટલું જ નહિ પણ હું તેના અવિશ્વાસનું કારણ થઇ જઇશ. હવે શું થશે? તેની મને મોટી ચિંતા થઈ પડી છે." આ પ્રકારનું શેઠની ચિંતાનું કારણ સાંભળી કુલધર પુત્રીએ ધીરજથી કહ્યું-"હે તાત! તમે ખેદ ન કરો. જ્યાંસુધી તે શુષ્ક ઉદ્યાન મારા શીલના પ્રભાવથી નવપલ્લવિત ન થાય, ત્યાં સુધી હું ચાર પ્રકારના આહારનો ત્યાગ કરૂં છું." આ પ્રકારની તેની ભીષ્મપ્રતિજ્ઞા સાંભળી માણિભદ્ર શેઠે તેને ઉગ્ર પ્રતિજ્ઞા ન કરવા સમજાવી, પણ તેનો દૃઢનિશ્ચય પર્વતની જેમ અડગ હોવાથી શેઠનું કહ્યું માન્યું નહિ. પછી તે કુલધરપુત્રી જિનમંદિરમાં જઈ એકાગ્ર મનથી જિનશાસનની અધિષ્ઠાયિકા દેવીનું મનમાં સ્મરણ કરતી અનશન લઈ કાયોત્સર્ગે રહી. "देहं पातयामि वा कार्यं साधयामि" આવા નિશ્ચયપર આવી જેઓ કાર્યારંભ કરે છે, તેઓ અવશ્ય કાર્ય સિદ્ધિ કરી શકે છે. પૂર્વકાળમાં કે પાશ્ચાત્ય વખતમાં તેવા અડગ અને સંકટ કંટકનું મર્દન કરનારા પુરુષોએ જ સાધ્યસિદ્ધિ મેળવેલ છે અને મેળવે છે. કાર્ય કરવામાં કાયરતા એ નિષ્ફળતાનું પ્રથમ ચિન્હ છે.

ત્રીજે દિવસે રાત્રિના વખતે શાસનદેવીએ પ્રગટ

થઈ કુલધરપુત્રીને કહ્યું—" હે ભદ્રે! કોઈ મિથ્યાદષ્ટિ વ્યતંરદેવતાએ આ ઉદ્યાનનો વિનાશ કર્યો હતો, પણ તારા નિર્મળ તપ અને શીલના પ્રભાવથી તે દુષ્ટ વ્યંતર નાસી ગયો છે, માટે હવે તે ઉદ્યાન પ્રભાતે પૂર્વની જેમ નવપલ્લવિત થશે." આ પ્રમાણે મનોવાંછિત સંદેશો સંભળાવી તે શાસનદેવી ત્યાંથી અદૃશ્ય થઇ ગઇ. પ્રભાત થતાં જગન્નેત્ર દિવાકર પોતાની પ્રભાથી જગતને ઉજ્જવલ કરતો ઉદયાચલનું અવલંબન લઈ નિરાલંબ આકાશની મુસાફરી શરૂ કરવા લાગ્યો, તે વખતે કુલધર પુત્રીએ કાયોત્સર્ગ પારી રાત્રિનું સર્વ વૃત્તાંત શેઠને કહ્યું. માણિભદ્ર શેઠ તે શ્રવણ કરી બહુ ખુશી થયો અને ઉદ્યાન જોવા માટે ગયો. ત્યાં ફળફૂલથી સુશોભિત અને નવપલ્લવિત ઉદ્યાનને જોઈ અતિશય આનંદ પામ્યો. ત્યાંથી સંતુષ્ટ થતો પાછો આવી કુલધરપુત્રીને કહેવા લાગ્યો:—
"હે શાસનદીપિક પુત્રી! તારા શીલ અને ધર્મના માહાત્મ્યથી આજે મારા શુષ્ક મનોરથો તે ઉદ્યાનની સાથે નવપલ્લવિત થયા, તેથી હું બહુ જ આનંદિત થયો છું; હવે વધારે વખત ન વીતાવતાં ઝટ મારે હાથે તું પારણું કર." એમ કહી માણિભદ્ર શેઠ નગરના ઘણા માણસોને એકઠા કરી વાજીંત્રોના ઠાઠથી કુલધરશેઠની પુત્રીને પોતાને ઘેર તેડી લાવ્યો અને પોતાને હાથે પારણું કરાવ્યું. આ વખતે વાજીંત્રોનો ઠાઠ જોઈ લોકો પરસ્પર વાતો કરવા લાગ્યા કે—" અહો એના શીલનો પ્રભાવ જુઓ! જેણે પોતાના શીલપ્રભાવથી શુષ્ક ઉદ્યાનને નવપલ્લવિત

કરી દીધું. આ પુત્રી ખરેખર પરમ પુણ્યવતી, પ્રશંસા કરવા યોગ્ય, સુલક્ષણવતી, ધન્ય જીવિતવતી અને સુશ્રાવિકા છે. એના ઉત્તમ ગુણોથી આકર્ષાઇને દેવતાઓએ પણ એનો મહિમા વિસ્તાર્યો છે. આ માણિભદ્ર શેઠ પણ સર્વ લોકોમાં પ્રશંસાપાત્ર છે, કે જેમના ઘરમાં આ પુત્રીરૂપ રત્નચિંતામણિ વિદ્યમાન છે." આ પ્રમાણે તે ઉજ્જણ-નગરીના સર્વ લોકો મુક્તકંઠે તે કુલધરપુત્રીની તથા માણિભદ્ર શેઠની પ્રશંસા કરવા લાગ્યા.

"सद्गुणैः किं न साध्यते ?"

---

# પ્રકરણ ૧૦ મું.

## * આત્મ વિચારણા અને ધર્મ ફળ. *

"હે પરમાત્મન્! જેઓ નિરંતર તમારા વચનોનું શ્રવણ કરે છે, તમારા સ્વરૂપનું ધ્યાન ધરે છે અને તમારા ચારિત્ર્યનું અનુસરણ-આચરણ કરે છે, તે ભવ્યાત્માઓને કોટિશઃ ધન્ય છે.

ते पुण्यभाजः खलु जीवलोके येषां मनो ध्यायति विश्वनाथम् ।
वाणी गुणान् स्तौति कथां शृणोति श्रोत्रद्वयं ते भवमुत्तरन्ति ।१।

"હે નાથ ! જેમનું મન આપના જ ધ્યાનમાં રક્ત છે, જેમની વાણી આપના પવિત્ર ગુણોનું સ્તવન કરી રહી છે અને જેમના શ્રોત્રદ્વય એટલે બે કર્ણ આપની સુધામય કથાનું પાન કરી રહ્યા છે, તેઓ જ આ જીવ-લોકમાં ભાગ્યશાળી છે અને તેઓ જ આ સંસાર મહા-સાગર સહેલાઇથી તરી શકે છે.'

અનાદિની અજ્ઞતા અને કુવાસનાને લઈને જેમનું મન વિષયરૂપ વિષ્ટા તરફ દોડતું જાય છે, તેઓ ભૂંડની ઉપમાને લાયક છે. જેમ અગ્નિ કાષ્ઠથી તૃપ્તિ પામતો નથી, સમુદ્ર નદીઓના જળથી પૂરાતો નથી, યમ પ્રાણીઓને મારવાથી તૃપ્ત થતો નથી, અને જેમ લોભી માણસ ધનાગમથી સંતુષ્ટ થતો નથી, તેમ અનાદિ કાળથી અનેક અવતાર ધારણ કરી વિવિધ વિષયસુખો ભોગવ્યાં, પણ જેમ દીવેટ અને તેલથી દીવડો બળ્યા કરે, તેમ કુસંસ્કાર-રૂપ દીવેટ અને વિષયભોગરૂપ તેલનું તેના પર સિંચન થવાથી આ જીવરૂપ દીવડો નિરંતર બળ્યા કરે છે. 'भोगे रोग भयं' આવાં અનુભવસિદ્ધ વાકયોનું વારંવાર શ્રવણ કર્યાં છતાં પણ આહૂતિ પામેલા યજ્ઞના અનલની જેમ તેની ઉર્ધ્વ શિખા વધતી જ જાય છે. હે તરણતારણ દેવ ! મારા માટે એવો વખત–સુવર્ણ સમય કયારે આવશે, કે આપની આજ્ઞામાં અચલ રહી શુદ્ધ સંયમની

આરાધના કરીશ ! મરૂદેશમાં કલ્પવૃક્ષની જેમ ભવભ્રમણ કરતાં આપ અને આપનો ધર્મ પામી છું, એ મારૂં અહોભાગ્ય માનું છું, છતાં તેનું સમ્યક્‌પરિપાલન થતું નથી, એ અંતરાયકર્મની પ્રબલતા છે. કુવાસનાને હઠાવી ધર્મના તત્ત્વને સમજ્યા પછી મારે સંયમનો સ્વીકાર કરવો એ જ યોગ્ય છે, છતાં હું તે અનુપમ ચારિત્રધર્મની યથાર્થ આરાધનામાં અસમર્થ હોવાથી ગૃહસ્થધર્મમાં ઉત્તમ ચારિત્રધર્મની અભિલાષાપૂર્વક ઉગ્ર તપશ્ચરણથી શરીરની સાથે કર્મનું શોષણ કરૂં છું, કેમકે સર્વ સંયમનો સ્વીકાર કર્યા પછી તેની વિરાધના કરવા કરતાં, દેશસંયમમાં રહી સર્વ સંયમની નિરંતર ભાવના રાખવી સર્વોત્તમ છે.”

એક દિવસે આવા પ્રકારની દૃઢ અને શુભ વિચારણાથી પોતાના આત્માને અતિશય ભાવ અને વૈરાગ્યમગ્ન કરીને તે કુલધરપુત્રીએ તપશ્ચર્યા કરવાનો પ્રારંભ કર્યો. છઠ્ઠ, અઠ્ઠમ, પક્ષક્ષમણ અને માસક્ષમણ વિગેરે તપ કરવાથી તેનું શરીર બહુજ ક્ષીણ થઇ ગયું, પણ તેની ભવ્ય ભાવના તો વધારે પુષ્ટ થતી ગઇ. તેલનો ક્ષય થવાથી જેમ દીપક બુઝાઇ જાય, તેમ આયુષ્યની ક્ષીણતા થતાં દરેક પ્રાણીને મરણ શરણ લેવું પડે છે. અંતિમ અવસ્થા આવતા કુલધર પુત્રીએ ચાર પ્રકારના આહારના ત્યાગરૂપ અનશનનો સ્વીકાર કરી શુભ ધ્યાનથી મૃત્યુ પામી સૌધર્મ દેવલોકમાં દિવ્યશરીર રૂપે નિવાસ કર્યો. ત્યાં દિવ્ય ભોગ ભોગવતાં આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી ચ્યવીને તું વિદ્યુત્પ્રભા નામે

બ્રાહ્મણની પુત્રી થઇ અને માણિભદ્ર શેઠ ધર્મકર્મ આરાધતાં મૃત્યુ પામી અચ્યુત દેવલોકમાં શ્રેષ્ઠ દેવ થયો; ત્યાંથી ચ્યવી મનુષ્યજાતિમાં ઉત્પન્ન થયો, ત્યાં દાનાદિ ચાર પ્રકારના ધર્મનું સારી રીતે આરાધન કરી નાગકુમાર દેવપણે ઉત્પન્ન થયો છે. પૂર્વભવના સંબંધને લીધે તે તારાપર વાત્સલ્યભાવ ધારણ કરે છે. પૂર્વના કોઇ પાપકર્મને લીધે બાલ્યાવસ્થામાં તને દુઃખ ભોગવવું પડ્યું. માણિભદ્ર શેઠના ઘરે તેં જૈનધર્મનો પ્રભાવ વધાર્યો અને તેનું સમ્યગ્ રીતે આરાધન કર્યું તેથી તું અત્યારે અનુપમ સુખ ભોગવે છે. પૂર્વભવમાં તેં જિનમંદિરના ઉદ્યાનને નવપલ્લવિત કર્યું, તેથી દેવનિર્મિત ઉદ્યાન તારી પાછળ ભ્રમણ કરે છે. શ્રી જિનરાજના મસ્તકપર ત્રણ છત્ર ધારણ કર્યાં, તેથી તે ઉદ્યાનની શીતલ છાયા નિરંતર તારી ઉપર રહે છે. શ્રી જિનભગવંતનું ત્રિવિધ પૂજન કરવાથી તારા શરીરમાં કોઈ જાતના રોગો ઉત્પન્ન થતા નથી, અને શ્રી વીતરાગદેવની ભાવપૂર્વક ભક્તિ કરવાથી તું સ્વર્ગ શ્રી સમાન રાજ્યલક્ષ્મી ભોગવે છે. હે ભદ્રે ! શ્રી જિનેશ્વર પ્રભુની ભવ્ય ભક્તિ કરવાથી છેવટે તું મોક્ષસુખ પણ પામીશ."

"धर्मभक्ति प्रभावेण किं न प्राप्येत मानवैः"

"શ્રી જૈનધર્મ અને શ્રી જિનેશ્વરની ભક્તિથી માણસોને શું દુષ્પ્રાપ્ય છે? અર્થાત્ મનોવાંછિત મેળવી શકે છે."

## પ્રકરણ ૧૧ મું.

### જાતિસ્મરણ અને દીક્ષા.

આચાર્ય મહારાજ પાસે પોતાનો પૂર્વભવ સાંભળી આરામશોભા ઉહાપોહ કરતાં તત્કાળ મૂર્છિત થઈ ધરણી પર ઢળી પડી. તરત શીતળ જળ અને ચંદનાદિકના ઉપચાર કરવામાં આવ્યા; એટલે તે સચેત–સાવધાન થઈ ગુરુને અભિવંદન કરી હાથ જોડી વિનંતી કરવા લાગી:—

"હે મુનીશ્વર! આપે મારી ઉપર મ્હોટો ઉપકાર કર્યો. આપની પાસે પૂર્વભવનું ચરિત્ર શ્રવણ કરવાથી હે મહાત્મન્! મને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું છે; તેથી જે આપના તરફથી કહેવામાં આવ્યું તે હું કરામલકવત્ જાણી અને જોઈ શકું છું. હે નિસ્વાર્થ જગદ્બંધુ! આ સંસારથી હવે હું ઉદ્વેગ પામી છું. બાલ્યાવસ્થા રમત ગમતમાં જાય, યૌવનાવસ્થા વિવિધ વિષયભોગ ભોગવવામાં વ્યતીત થાય અને વૃદ્ધાવસ્થામાં અનેક વ્યાધિઓનું સ્થાન થઈ રાતદિવસ શરીરની શુશ્રુષા કરવામાં વખત જાય, તો ધર્મ સાધવાનું તો રહી જ જાય છે, જે સાધનથી સાધ્ય વસ્તુ પ્રાપ્ત કરવાની છે તેને બદલે જુદા જ પ્રકારની પ્રવૃત્તિમાં જીંદગીનો વ્યય થાય તો પછી જીવનનું ફળ શું? હે એકાંત હિતકારી કૃપાસિંધુ! હવે મને આ સંસાર

કારાગૃહમાંથી છોડાવો. આધિ, વ્યાધિ અને ઉપાધિ એ ત્રિવિધ તાપથી સંતપ્ત થયેલા ભવ્ય પ્રાણીઓને સદ્‌ગુરુ વિના બીજું સાચું શરણ નથી. કહ્યું છે કે—

"अवद्यमुक्ते पथि यः प्रवर्त्तते,
प्रवर्त्तयत्यन्यजनं च निःस्पृहः ।
स एव सेव्यः स्वहितैषिणा गुरुः,
स्वयं तरंस्तारयितुं क्षमः परम् ॥ १ ॥

"જે નિર્દોષ માર્ગમાં પ્રવર્તે છે અને ભવ્ય પ્રાણીને તે માર્ગે પોતે નિસ્પૃહ થઇ પ્રવર્ત્તાવે છે. તે જ સદ્‌ગુરુ મુમુક્ષુ જીવને સેવવા યોગ્ય છે, કે જે પોતે તરે છે અને બીજાને તારવાને સમર્થ છે."

માટે હે નાથ! મને ચરણ શરણ આપી મારો ઉદ્ધાર કરો. જેમ સુધાકુંભ હાથમાં હોવા છતાં હલાહલની કોઈ ઈચ્છા ન કરે, તેમ સ્વર્ગ તથા મોક્ષસુખને આપનાર સદ્ધર્મ પ્રાપ્ત થયા છતાં ભવભ્રમણની કોણ અભિલાષા કરે! હે કરૂણાકર! જો રાજા તરફથી અનુજ્ઞા થાય તો મને સાચું શરણ ચરણ–ચારિત્ર આપી કૃતાર્થ કરો." પોતાની પ્રિય પત્નિની વૈરાગ્યમય વાણી શ્રવણ કરી જિતશત્રુ રાજાએ હર્ષ-પૂર્વક કહ્યું—"હે ભદ્રે! સંસારની અસારતા અને અનિત્યતા જાણી હવે ગૃહાવાસમાં અટકી રહેવું યોગ્ય નથી, માટે હે કાંતે! હું પણ ચારિત્રધર્મ અંગીકાર કરીશ." એમ કહી આચાર્ય મહારાજને વિજ્ઞપ્તિ કરી કહેવા લાગ્યો—"હે જ્ઞાન-

દિવાકર ! હું મારા પુત્ર મલયસુંદરને રાજ્યાસનપર સ્થાપન કરી પાછો અહીં આવું, ત્યાં સુધી આપ મારાપર કૃપા કરીને અત્રે રહેજો.” એમ કહી મહારાજને નમસ્કાર કરી ઘેર જઈ પોતાના પુત્રને સર્વ પ્રજાજન સમક્ષ રાજ્યાસને બેસાર્યો અને પોતે અઠ્ઠાઈમહોત્સવ કરાવી દીનજનોને મનોવાંછિત દાનથી સંતુષ્ટ કર્યા, તથાં સાતે ક્ષેત્રોને વિષે બહુ દ્રવ્ય ખર્ચી ચારિત્રની ભવ્ય ભાવના સાકાર બનાવાવ ગુરુરાજ પાસે આવ્યો. ભાવ સહિત તેણે ચારિત્ર અંગીકાર કર્યું. મલયસુંદરે તેમનો દીક્ષામહોત્સવ ભારે ધામધુમથી કર્યો. દીક્ષા લીધા પછી તે રાજર્ષિ ત્યાંથી વિહાર કરી ગયા. જિતશત્રુ રાજર્ષિ હવે યથાર્થ નામધારી થયા. પ્રતિદિન શાસ્ત્રાધ્યયન અને વિચારણા કરતાં તે એક સમર્થ વિદ્વાન થયા જાણી ગુરુએ તેને યોગ્ય જાણી આચાર્ય પદે સ્થાપ્યા—આચાર્ય પદવી આપી. શાસ્ત્ર તથા અર્થના અભ્યાસથી તથા ક્ષમાદિગુણથી પ્રસન્ન થઈને ગુરુમહારાજે આરામશોભાને પ્રવર્ત્તિની પદ આપ્યું.

શ્રી જિતશત્રુસૂરિ વસુધાપીઠપર વિહાર કરી અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ આપી, અંતે અનશન આરાધી દેવલોકે ગયા તથા આરામશોભા પણ ચારિત્રના પ્રભાવથી તે જ દેવલોકમાં ઉત્પન્ન થઈ. અનુક્રમે બંને કેટલાક ભવો કરી છેવટે ચારિત્રના બળથી કર્મક્ષય કરી શાશ્વત સુખ પામશે.

# ત્યાગ-વીર-નથુશા

## (૧) ત્યાગ-વૈરાગ્ય પંથે

"દેવાભાઇ' આમ બનીઠનીને કઇ બાજુ જવા વિચાર્યું છે. કોઇ મીર મારવો છે કે શું ?" એટલા પર દાતણ-પાણી કરતા નથુભાઇ શેઠ બોલી ઉઠયા.

"એ તો અમારો ધંધો જ છે નથુશા શેઠ! બીજે ક્યાં વળી આ દૂરના અરણ્યમાં જઈશું, એકાદ બે મૃગલાં કે સસલાં મળી જાય તો આ કાળમુખીનું મોં ભરીશું. અને નમતા ટાણે હાલ્યા આવશું બે ચાર દિવસ છોકરાનો ગુજારો થશે" ગામનો એ પારધી શિકાર કરવા જતાં શેઠની વાણી સાંભળી ઉભો રહ્યો.

"એ નિર્દોષ પ્રાણીઓને માર્યા વિના તમારો ગુજારો ન થઇ શકે, દેવાભાઇ!" પારધીનાં વચનો સાંભળી દયાળુ શેઠને દયા ઉભરાઇ ગઈ.

'શેઠ! તમારે તો ગાદી તકીએ બેસી આરામ કરવો છે અને વળી તમે તો 'જૈન' એટલે તમને અમારી વાત ન ગમે પણ અમારી તો આ રોજની ટેવ, કદાચ ગુજારો તો થાય પણ આ બંદૂકડી મને એટલી વહાલી છે કે રોજ એના હાથે કાંઇ ને કાંઇક ન કરીએ તો ચેન જ ન પડે ને? પારધીએ પોતાની ટેવ રજુ કરી.

"દેવાભાઇ ! મારૂં માનશો આ પાપનો પૂંજ એકઠો ન કરવાની આજે પ્રતિજ્ઞા લેતા હો તો તમારા કુટુંબના નિભાવની જવાબદારી હું સ્વીકારીશ. બોલો કબૂલ છો ?" પારધીને ગાળવા શેઠે લાલચ બતાવી.

"શેઠીઆ ! આપની વાત સાચી હશે પણ મારૂં જીવન એમાં વણાઇ ગયું છે. તમારે બૈરી છોકરાં જેટલાં વહાલાં, તેમના જીવન માટે સવારથી સાંજ સુધી અનેક પ્રકારની ગડમથલ તમે કરો છો. એમ મને આ નાનકડી પિસ્તોલ એટલી જ વહાલી છે તેનો ઉપયોગ કરતાં મને ખૂબ આનંદ આવે છે. એટલે આ માટે મને રોકવાનું છોડી દો, બીજું તમે કહો તે કરવા હું તૈયાર છું"

"હિંસા કરીને જીવન નિભાવવાની રીત મને તો ગમતી નથી. આજે મારો આત્મા કહે છે કે દેવાભાઇ કોઇ રીતે આજથી આ હીચકારૂં કૃત્ય ન કરવાનો નિયમ લે તો તમારી ઇચ્છા મુજબ હું પણ વર્તવા તૈયાર છું." શેઠે અંતરની ખુલ્લી વાત જાહેર કરી.

"શું કહો છો શેઠ ! આટલી હિંમત જો તમારામાં હોય તો પછી આ બૈરી છોકરાંને છોડીને સાધુ બની જાઓને ?" પારધીએ મશ્કરી માની શેઠને ઉશ્કેર્યા.

"દેવાભાઇ ! સાચું કહું છું, સાધુ બનવાથી જો તમે તમારી વૃત્તિ બદલવા તૈયાર થાઓ તો આજથી હું પ્રતિજ્ઞા લઇશ" સત્ય વાત પર શેઠનું મન વધુ આગ્રહી થયું.

"શેઠીઆ ! તમે જો ઘર ત્યાગ કરતા હો તો આજથી જ આ બંદૂકડી મેં ત્યાગી, જાઓ" પારધીએ છેલ્લો પાસો ફેંકયો.

એમ કયાં શેઠ ઘર છોડી ચાલ્યા જશે. પારધી તો એમ જ વિચારતો રહ્યો, ત્યાં શેઠ બોલી ઉઠયા.

"ભલે દેવાભાઈ ! હું પણ આજથી નિયમ લઉં છું કે એક પારધી, શિકારી આજથી અબોલ પ્રાણીનો સંહાર ન કરવાનું વ્રત લઇ તેમને જીવતદાન આપવા તૈયાર થાય છે, તો તેની ખુશાલીમાં હું મારાં બૈરી છોકરાં, ઘરબારનો ત્યાગ કરૂં છું અને અરિહંત દેવે પ્રરૂપેલી પ્રવ્રજ્યા મારા હાથે જ અંગીકાર કરૂં છું" શેઠે પારધીના વચનનો સ્વીકાર કરતાં સંસાર ત્યાગનો નિયમ લઇ લીધો.

"હાં હાં શેઠ આ શું બોલ્યા ? હું તો તમારી મશ્કરી કરતો હતો. સાધારણ વાત કરતાં આમ ન હોય, આપની સાચી ઇચ્છા છે, તો હું તો હવે બંદૂકડી નહીં પકડું પણ તમે તો મારા મુરબ્બી, તમે આવી પ્રતિજ્ઞા લો તે બરાબર નથી." "હસવામાં ખસવું થયું." ઉલ-ટાની આફત આવી પડેલ જોઇ દેવાભાઇ બોલી ઉઠ્યા.

"દેવાભાઈ ! કિરતારની લીલા અલૌકિક છે. મારા આત્માને ઉચ્ચ શ્રેણીએ પહોંચાડવામાં તમે નિમિત્તરૂપ છો, એટલે તમે તો ઉલટા મારા ગુરુ છો. હવે ગમે તેમ થાય આજથી જ આ ઘરનો ત્યાગ". નથુશા શેઠે ભાવિ નિર્માણ જાણીને પોતાનો દઢ સંકલ્પ જાહેર કર્યો.

બેબાકળો દેવો ઘરમાં દોડ્યો.

" ભાઇ! ભાઇ! ભૂંડી થઇ, આ અભાગીઓ દેવલો! આજ કયા શુકને અહીંથી નીકળ્યો, સાધારણ વાતમાં તો શેઠે તો સંસાર ત્યાગ્યો, હું અભાગીઓ હવે શું કરીશ? મને માફ કરજો, હું હવે મોઢું પણ શું બતાવું?"

દુઃખી બનેલો, ભાન ભૂલ્યો દેવો દીન બની ગયો, ઘરમાંથી ભાઇઓને બોલાવી પોતાની ભૂલની ક્ષમા માગવા લાગ્યો.

બસ, હવે તો એક જ અરિહંતનું શરણ. આ જગતમાં કોઈ કોઇનું નથી સ્ત્રી, પુત્ર, ભાઈ-ભાંડુ, હવે મારૂં કોઈ નથી. હવે તો સાચા ગુરુની શોધ કરી અનશન લઇ મારા દેહનો ત્યાગ કરીશ, એ મારો અટલ નિશ્ચય છે. કોઈને જરાય દુઃખી થવાની જરૂર નથી, મારૂં જીવન આજ સાફલ્ય થયું છે. આજે તો અણમોલ ઉત્સવ ઉજવો, અરિહંતના ગુણગાન ગાઓ અને પ્રભુ પાસે વ્રતધારી જીવન જીવવાની પ્રતિજ્ઞા લો, એટલે મને સંતોષ! સર્વને શિખામણના શબ્દો કહેતા નથુશા શેઠ ત્યાંથી વિદાય થયા.

દેવલો પણ બંદૂકડીને ત્યાં જ દૂર ફેંકી દેતો અશ્રુભરી આંખે વિદાય થયો.

## (૨) સાંસારિક સંબંધ

નથુશા શેઠ થરાદ (થીરપુર)થી ત્રણ ગાઉ દૂર આવેલ

વડગામડા ગામના વતની, વડગામડાના જાગીરદાર ચોધરી રજપુતો હતા, તેમની અટક વારીઆ, તેઓ જૈન શ્રાવક મૂર્તિપૂજક વાણીઆ હતા.

તેમનાં પિતાનું નામ જેઠાલાલ વારીઆ.

સંવત ૧૮૭૦ ની સાલમાં તેમના ધર્મપત્ની કેશરીબાઇની પનોતીકુક્ષીએ નથુભાઈનો જન્મ થયો હતો.

બાળવયથી ધર્મના સંસ્કાર માતાપિતાના સહવાસમાં તેમને સામાન્ય મળ્યા હતા, પણ પૂર્વ પૂણ્યોદયનાં બળે દયા ભાવનુ ઝરણું તો નિત્ય વહેતું જ હતું.

ગામમાં બીજા વણિકોનાં પણ પાંચ સાત ઘર હતા. એ બધા એક જ વડવામાંથી બનેલ એટલે એક જ લોહીની સગાઇ! તેમને થરાદના બીજા વણિક કુટુંબોમાં સારા ઉચ્ચ કુટુંબ સાથે સગાસંબંધી અને લગ્ન વ્યવહાર! એટલે થરાદ તેમનું વતન ગણીએ તો પણ ચાલી શકે.

આમ જેઠાશા શેઠ થરાદથી જીવન નિભાવાર્થે વડગામડામાં આવી ધીરધારનો ધંધો કરતા. નાનકડી કરીયાણાની દુકાન રાખતા. દુકાનનો વહીવટ જેઠાશાની હયાતી બાદ હાલ તો નથુશાના હસ્તક હતો. એટલે ત્યાંની તમામ કોમના માણસોના તે શેઠ કહેવાતા.

જયારે જયારે કોઇપણ માણસને પૈસાની જરૂર હોય, ત્યારે નથુશા પાસે જાય અને શેઠ તેને સંતોષ આપી વિદાય કરે, ચોમાસું પાક ઉતરે તો શેઠના ત્યાં દાણાના

ઢગ થાય, તેઓ નીતિ ને પ્રમાણિકતાથી ગામ જનતાના આશીર્વાદ મેળવતા હતા.

નથુશાને ત્રણ પુત્ર હતા જેચંદ, ભાઇચંદ ને લક્ષ્મીચંદ તથા એક દીકરી હતી. દિકરાઓમાં પણ માતપિતાના સુસંસ્કારના ઊંડા ચીલા પડેલા હતા. ગામડામાં રહેવા છતાં પણ પ્રમાણિકતાના પંથે જીવન વીતાવતા હતા.

આમ શેઠ કુટુંબની ગામમાં બોલબાલા હતી.

આજે તેમની ત્રીજી પેઢીના વારસદારો થરાદમાં રહે છે, અને ઉત્તમ જીવન જીવી જાણનાર પોતાના આવા વડવાઓ માટે મગરૂર છે.

## (૩) દૃઢ નિશ્ચય.

દેવાભાઇ શેઠના જુના ગ્રાહક, ગામના જાગીરદાર તેમને નથુશા શેઠ સાથે પેઢી દર પેઢીથી લેવડદેવડ ચાલે.

દેવાભાઇનો મશ્કરો સ્વભાવ, વાતવાતમાં સામાન્ય માણસને ચીડવવાનો પ્રસંગ ઉભો કરી દે, અંતે સમજાવીને શાંત પાડી દે.

પણ આજનો પ્રસંગ પણ તે પ્રમાણે ટાળી દેવા માટે દેવાભાઈએ અનેક પ્રયત્નો કર્યા, પણ લલાટે લખ્યું મિથ્યા ન થાય, દેવાભાઇ તો તેના નિમિત્ત બન્યા. પણ તે દિવસથી નથુશા ત્યાગી બનવાના હતા, તે કોણ મિથ્યા કરી શકે. જિનેશ્વરદેવ જેવાને પણ કર્મનાં શુભાશુભ ફળો ભોગવ્યા વિના છૂટકો ન હતો તો માનવ કોણ માત્ર!

નથુશા શેઠ તો ઘરબાર ત્યાગી ચાલી નીકળ્યા. એક જ વિચાર! એકજ નિશ્ચય! એકજ ધગશ! પ્રભુ નામની તાલાવેલી! ભગવતી પ્રવ્રજ્યા! તીર્થંકર દેવે પ્રરૂપેલો ધર્મ! અને મહાવીરનો ભેખ ધારણ કરવાની તાલાવેલી! તે કેવી રીતે રોકી શકાય!

શિયળવ્રતનો મહિમા અપરંપાર! કહેતાં ન આવે પાર!

વિજયશેઠને વિજયા શેઠાણીના શાસ્ત્રસંગીન દાખલાઓ શું બતાવે છે!

એક એક નારીને ત્યાગતો બત્રીસ નારીનો ભરથાર શાલિભદ્ર અને આઠ સ્ત્રીને સામટી ત્યજી દેનાર ધન્નાશાહનાં સ્વપ્ના સાકાર થવા લાગ્યાં. કોશાગારે ચાતુર્માસ રહેલા કામવિજેતા સ્થુલિભદ્ર અને કોશાપ્રતિબોધના પડઘા પડવા લાગ્યા.

અહિંસાવ્રતને ધારણ કરવાનો નિશ્ચય કરવા દેવાભાઇને માટે તો પત્નિનો ત્યાગ કરવો, અખંડ બ્રહ્મચર્ય પાળવું એ ખાંડાધારનો ખેલ હતો અને નથુશા શેઠ તો આજીવન શિયળવ્રત પાળવા માટે ઘર, લક્ષ્મી, પુત્રાદિ પરિવાર ને સ્ત્રી શુદ્ધાંનો ક્ષણમાં ત્યાગ કરી ગયા.

ધન્ય છે એ ત્યાગી મહાત્માને!

સંવત ૧૯૨૨ ની સાલની આ વાત છે! લગભગ એક સૈકો પસાર થયો.

## (૪) ગુરુવરની શોધમાં.

દ્દઢ નિશ્ચયથી નથુશા શેઠ વતન ત્યાગીને પદયાત્રા કરતા ઉત્તર દિશાએ ચાલ્યા.

ઉત્તમ ગુરુવરની શોધની જેને રઢ લાગી હતી, જે નિરામિષ આહાર લેતા હતા, પોસહ પ્રતિક્રમણ અને નવકારશીના પચ્ચક્‌ખાણ, નવકારમંત્રના જાપ કરવા પાછળ નિરંતર બે ઓષ્ઠ ફફડતા હતા. હૃદયમાં ઊંડી ઊંડી ધગશ હતી ભગવાનનો ભેખ ધારણ કરવાની.

આગળ ચાલતાં ડૂઆ શહેર નજીક આવી પહોચ્યા. ડૂઆ ઉત્તર ગુજરાતમાં પૌરાણિક યાત્રા સ્થળ છે. અમી-ઝરા પાર્શ્વનાથનું જુના સમયનું મંદિર ત્યાં છે. આ મહાન ચમત્કારીક મૂર્તિનાં દર્શન કરવા માટે ભાવનશાળી અનેક મહાજનો આવીને પાવન થાય છે, ધાનેરામાં શ્રી લાલ-વિજયજી મહારાજ સાહેબ બિરાજમાન હોવાના સમાચાર ડૂઆ પહોંચતાં મળ્યા, અને ઉત્કંઠા વધુ તીવ્ર બની.

વહેલી પ્રભાતે ડૂઆથી નીકળી ઝડપી પંથ કાપતાં તેઓ ધાનેરા પહોંચી ગયા, ત્યાંના મંદિરે શાંતિનાથ ભગવાનનાં દર્શન કરી પાવન થયા અને પછી ઉપાશ્રયે જઈ ગુરુ મહારાજને વંદન કરી તેમનું વ્યાખ્યાન શ્રવણ કર્યું. વ્યાખ્યાનના અંતે પોતાનો મક્કમ નિર્ણય ગુરુદેવને જણાવીને પોતાને શિષ્ય બનાવવા માટે વિનંતી કરી.

સમાજમાં કોઇ વ્યક્તિ વૈરાગ્ય ભાવનામાં રંગાય તો પણ તેના કુટુંબની આજ્ઞા મેળવ્યા બાદ જ તેને પ્રવ્રજ્યા આપી શકાય છે. એ નીતિ નિયમના લીધે ગુરુદેવે ફરમાન કર્યું કે કુટુંબની રજા માગી આવો!

કુટુંબ તો વડગામડા હતું, હવે કોની રજા વાગવી?

અવંતિસુકુમાર જેવા પ્રતાપી પૂર્વજો મન સામે રમી રહ્યા હતા, જેમણે પોતાના કલ્યાણ માટે અન્યની અપેક્ષા રાખી ન હતી.

નારે શા માટે બીજાની રજા માગવી ? મારા આત્માના કલ્યાણને રસ્તે હું જોઉં, તેમાં બીજા શા માટે અવરોધ કરે ?

લોકાચાર પ્રમાણે ગુરુદેવ આજ્ઞા ઇચ્છતા હોય તો ભલે તેમને મુંઝવણમાં મૂકવાની મારે જરૂર નથી અંતર સાક્ષીએ પૂજ્ય લાલવિજયજી સાહેબ મારા ગુરુ છે, અને તેમની કલ્પિત મૂર્તિની સાક્ષીએ મારૂં કાર્ય હું કરી લઇશ

આમ વિચાર કરતાં ધર્મશાળામાં જઇ પોતાના સ્વહસ્તે જ પંચમુષ્ટિ લોચ કર્યો, અને પ્રભુ મહાવીરનો ભેખ ધારણ કરી નથુશા શેઠ, નથુવિજયજી સાધુ બની ગયા. સાધુ વેશ ધારણ કરીને તેઓ ગુરુવંદન માટે ગયા.


હળવા કર્મી નથુશાના મનમાં ઉદ્ભવ થયો કે આ અસાર સંસારથી હવે સર્યું, સાધુપણું તો ભલે ધારણ કર્યું, પણ હવે અનશન લઇને આ દેહમાંથી આત્મ-વિસર્જન કરવો જોઇએ એ ઉત્તમ કાર્ય છે.

અને ગુરુદેવની સમીપે પોતાની અનશન વ્રત ગ્રહણ કરવાની દૃઢ ભાવના જાહેર કરી.

# છપાયેલ પુસ્તકોની યાદી

૬૮ જૈન ઈતિહાસ
૭૧ વસુદેવહિંડી ચરિત્ર
૭૨ સમકિત મૂળ બાર વ્રતની કથાઓ
૭૩ નવસ્મરણ મૂળ
૭૪ નવપદ મહાત્મ્ય
૭૫ લઘુક્ષેત્ર સમાસ સાર્થ
૭૭ સાધુ-સાધ્વી આવશ્યક સૂત્રાર્થ
૮૧ નવકારના જાપની નોંધ
૮૨ તત્ત્વાર્થાધિગમ સૂત્રાર્થ
૮૪ ૮૫ ૮૬ જૈન પ્રશ્નોત્તરી ભા. ૧ ૨ ૩
૮૭ બે પ્રતિક્રમણ અને પ્રકીર્ણ સંગ્રહ
૯૧-૯૨ ચોસઠ પ્રકારી પૂજા સાર્થ ભા. ૧ ૨
૯૩ ૯૪ વિવિધ પૂજા સાર્થ ૧-૨
૯૫ છંદ સ્તવન સજ્ઝાય સંગ્રહ
૯૬ જૈન ધર્મનો પરિચય
૯૭ આગમ સાર
૯૮ પ્રશમરતિ સાર્થ
૧૦૦ સામાયિક ચૈત્યવંદન દેવચંદ્રજી ચોવીશી સાર્થ
૧૦૧ પારસમણિ
૧૦૨ શાન્ત સુધારસ સાર્થ
૧૦૩ જ્ઞાનસાર સાર્થ
૧૦૫ વીતરાગસ્તોત્ર સાર્થ
૧૦૬ બુદ્ધિસાગરસૂરિ જીવન ઝરમર
૧૦૯ ચંદરાજાનું ચરિત્ર
૧૧૨ મેઘમાળા આદિ સંગ્રહ
૧૧૪ દશવૈકાલિક સૂત્રાર્થ
૧૧૫ સ્વાધ્યાય સંગ્રહ
૧૧૬ ભક્તામર કલ્યાણ મંદિર સાર્થ
૧૧૭ જ્ઞાનપૂજાઓ સાર્થ
૧૧૮ ષડ્દ્રવ્યાત્મક જગત્
૧૧૯ ઉપાસક દશાંગ
૧૨૦ જૈન જાગૃતિ
૧૨૧ ઉપદેશ તરંગીણી
૧૨૨ પેથડશા ચરિત્ર
૧૨૪ સાતભવનો સ્નેહ
૧૨૫ ભીમસેન નૃપચરિત્ર
૧૨૬ શ્રી સુર સુંદરી ચરિત્ર
૧૩૧ પ્રભુ શ્રી રાજેન્દ્ર સૂરી
૧૩૨ સુપાર્શ્વનાથ ચરિત્ર
૧૩૩ અંબડ ચરિત્ર
૧૩૪ રાજકુમારી સુદર્શના ચરિત્ર
૧૩૫ નળદમયંતી ચરિત્ર
૧૩૬ સંબોધ સિત્તરી
૧૩૭ શ્રીચંદ કેવળી ચરિત્ર
૧૩૮ હેમચંદ્રાચાર્ય
૧૩૯ શ્રાવક ધર્મ
૧૪૦ ધર્મોપદેશ તત્વજ્ઞાન
૧૪૧ આરામ શોભા
૧૪૨ જ્યોતિષ રત્નાકર
૧૪૩ પ્રશાંતરસ ઝરણાં

# પૂજ્યશ્રીનો પરિચય



મુનિ અકલંકવિજય મ. સા.

જન્મ સ્થળ :

લીંચ, જી. મહેસાણા

સં. ૧૯૭૦ ફાગણ સુદ ૫

સંસારી નામ :

અમૃતલાલ શિવલાલ શાહ.

ધાર્મિક શિક્ષક તરીકેનો વ્યવસાય કરીને જ્ઞાન અને તપની પ્રવૃત્તિ દ્વારા સંયમ ભાવનામાં અભિવૃદ્ધિ થતાં-પૂ. આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી પાસે સં. ૨૦૩૫ના વૈશાખ સુદ ૩ ના રોજ મલાડ મુકામે દીક્ષા અંગીકાર કરી મુનિ અકલંકવિજય નામાભિધાન પ્રાપ્ત કર્યું.

માનવ અવતારે સિદ્ધક્ષેત્ર જેવા દિવ્ય ધામમાં વર્ધમાન તપની ૧૦૦ ઓળી ૨૦૪૦ વૈશાખ સુ. ૩ના રોજ પૂર્ણ કરી. કર્મશાસ્ત્રપારંગત સિદ્ધાંત મહો... આ. શ્રી વિજયપ્રેમસૂરી... ...ગ્રંથ આદિ અભ્યાસ ક...

...વિજયભુવનભાનુસૂરીશ્વરજી પાસે
...સુદ ૩ ના રોજ મલાડ મુકામે દીક્ષા
...કલંકવિજય નામાભિધાન પ્રાપ્ત કર...
...વ અવતારે સિદ્ધક્ષેત્ર જેવા દિવ્ય...
...૦ ઓળી ૨૦૪૦ વૈશાખ સુ. ૩...
...ંગત સિ... મહોદધિ...

દીક્ષા પછી ... છે. હાલ વર્ધમાન તપ... ...રાધના ચાલે છે. જ્ઞાન, તત્ત્વ... સુબોધ ને સુગ્રાહ્ય શૈલીમાં લેખન-સંપાદનના કાર્યમાં પ્રવૃત્તિશીલ એવા મુનિશ્રીને કોટી-કોટી વંદન. પ્રો. વિજય એફ મોદી

1580 GREET & WED Printed in Bombay